Reg. No. B. 876

શ્રી જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડિંગના હિતાર્થે પ્રકટ થતું.

# બુદ્ધિપ્રભા.

## ( Light of Reason. )

વર્ષ ૩ જું. સને ૧૯૧૧. અક્ટોબર. અંક ૭ મો.

सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥
नाहं पुद्गलभावानां कर्त्ता कारयिता न च ।
नानुमन्तापि चेत्यात्म-ज्ञानवान् लिप्यते कथम् ॥

પ્રગટકર્ત્તા,

અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.

વ્યવસ્થાપક,

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગ તરફથી,

સુપ્રીન્ટેન્ડન્ટ શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ.

નાગોરીસરાહ-અમદાવાદ.

વાર્ષિક લવાજમ-પોસ્ટેજ સાથે રૂ. ૧-૪-૦. સ્થાનિક ૧-૦-૦

અમદાવાદ શ્રી 'સત્યવિજય' પ્રેસમાં સાંકલચંદ હરીલાલે છાપ્યું.

# બુદ્ધિપ્રભા.

## (The Light of Reason)

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिग्रहद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय-भ्रान्तिव्यत्रच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૩ જું. તા. ૧૫ મી અકટોબર સન ૧૯૧૧ અંક ૭ મો.

## પ્રેમદશા.

પ્રેમ પ્રથમ છે ધર્મપગથીયું, પ્રેમ વિના નહિ ચાલે;
પ્રેમખુમારી બહુ મઝાની, ભેદભાવ સહુ ટાળે. ૧
પ્રેમ વિનાનું જીવન લુખું, ગમે નહિ ઘર વનમાં;
તોર પ્રેમનો અભિનવો છે, જુસ્સો પ્રગટે તનમાં. ૨
પ્રેમ વિના નહિ ભક્તિ કદાપિ, પ્રેમ વિના નહિ મિત્રો;
પ્રેમે મસ્તાની યોગી જન, જગમાં જુઓ ચરિત્રો. ૩
આત્મપ્રતીતિ પ્રેમજ આવે, નવધા ભક્તિ જગાવે;
પ્રેમે ગુરૂનું હૃદય મળે છે, સહુમાં ઐક્ય બતાવે. ૪
પ્રેમે યોગ સધાતો સાચો, મમતા રંગ ઉતારે;
સ્વાર્થ દોષના ઓઘ વિનાશે, તન્મયતા ઝટ ધારે. ૫
પ્રેમ વિના શ્રદ્ધાનાં ફાંફાં, પ્રેમ વિના શી કરણી;
પ્રેમ પૂજ્ય છે પ્રથમ દશામાં, ભવસાગરમાં તરણિ. ૬

સ્વાર્થ મેલનો જ્યાં નહિ છાંટો, પરમ પ્રેમ એ પ્યારો;
મળ્યા પછી નહિ જુદું થાવું, સર્વ સંબંધ વિચારો. ૭
હર્ષોદ્ગમ રોમોદ્ગમ પ્રેમે, મનડું આનન્દકારી;
દોષ દૃષ્ટિનું મૂળ વિનાશે, પ્રેમ જેમાં બલિહારી. ૮
દયા ધનમાં પ્રેમજ કારણ, તનનું ભાન ભૂલાવે;
પ્રેમ સમાધિ ત્યાં નહિ આધિ, સમજુ મનમાં આવે. ૯
નવ યૌવન ધારી જયકારી, પ્રેમ વિના સહુ સૂનું;
પ્રેમ પ્રભુ પરખાવે પલમાં, પ્રેમ વિના સહુ જૂનું. ૧૦
ઇર્ષ્યા દ્વેષ ને રીસ નહિ જ્યાં, સમ્યક્ ભાવે રહેવું;
ઉત્તમ જ્ઞાની પરખે પ્રેમજ, મુજ અનુભવમાં એવું. ૧૧
મૂઢ ન સમજે પ્રેમ વસ્તુ શું ? અનુભવ પ્રેમી પામે;
પ્રેમીના મન આનન્દ સૃષ્ટિ, કરતો પ્રેમી હામે. ૧૨
પ્રેમ રમણતા પરમ પ્રભુમાં, મુજ મન માંહિ આવી;
**બુદ્ધિસાગર** પ્રેમખુમારી, પરમાનન્દની ચાવી. ૧૩

**ભાદરવા સુદી ૧ એકમ. મુંબાઈ.**

---

# सुमति अने कुमतिनुं स्वरूप.

( લેખક. મુનિશ્રી બુદ્ધિસાગરજી. મુંબાઈ )

**पद. छोतेरमुं-राग वसन्त.**

**प्यारे मानजीवन ए साच जान, उत बरकत नांही न तिल समान. प्यारे**

**ભાવાર્થ**—સુમતિ અને કુમતિ એ બે આત્માની સ્ત્રીઓ છે. અનાદિ કાળથી આત્મા કુમતિના સંગમાં પડી રહે છે. આત્મા ખરેખર કુમતિની સંગતિથી સત્યતત્ત્વનો વિચાર કરી શકતો નથી; આત્મા કુમતિના યોગે શુદ્ધ-દેવ-ગુરુ અને ધર્મને ઓળખવા સમર્થ થતો નથી અને મિથ્યાત્વ દશામાં પોતાનું જીવન ગાળે છે. કુમતિથી કુદેવને દેવ તરીકે માનવામાં આવે છે કુગુરૂ અને કુધર્મને સુગુરૂ અને સુધર્મ તરીકે માનવામાં આવે છે. કુમતિથી સ્થાનાંગ સૂત્રમાં કથેલાં દશ પ્રકારનાં મિથ્યાત્વ પ્રગટી નીકળે છે. કુમતિથી અનેક મનુષ્યો પોત પોતાના નામની પ્રસિદ્ધિને માટે અનેક પન્થો ઉભા કરે છે. કુમતિથી કેટલાક મનુષ્યો કોઇપણ પક્ષમાં પડી જઇ અનેક પ્રકારની

કુયુક્તિયો કરી સુમતિનું મુખ પણ દેખી શકતા નથી. કુમતિથી કેટલાક એમ કથે છે કે જગત્માં આત્મા-પુણ્ય-પાપ-ઇશ્વર આદિ કંઇ નથી. કુમતિથી કેટલાક મનમાં પ્રવર્ધિત સ્વેચ્છાચારે પ્રવૃત્તિ કરીને ધર્મથી વિમુખ થાય છે. કુમતિના સંગે જીવો સાંસારિક પદાર્થોની પ્રાપ્તિ માટે હિંસા, જૂઠ, વિશ્વાસઘાત આદિ અનેક પ્રકારનાં પાપકૃત્ય કરે છે. કુમતિથી જીવો આગમોના અર્થોને ઉલટાવી પોતાની ધારણા મુજબ અર્થ કરે છે. કુમતિથી જીવો ધર્મશાસ્ત્રોને ધિક્કારે છે અને વિષયશાસ્ત્રોને આદર આપે છે. કુમતિથી જીવો અનેક પ્રકારનાં પાખંડ કરે છે. કુમતિથી જીવો અરિહંતદેવ સુસાધુ ગુરૂ અને મહાવીરકથિત ધર્મને સ્વીકારતા નથી. કુમતિના પ્રેર્યા જીવો સાધુઓપર દ્વેષ કરે છે અને સતી પર વેશ્યાની જેવી દૃષ્ટિ હોય છે તેવી દૃષ્ટિને ધારણ કરે છે. કુમતિથી પ્રેરાયલા જીવો નવ તત્ત્વ અને ષડ્ દ્રવ્યની શ્રદ્ધાને ધારણ કરી શકતા નથી. કુમતિથી પ્રેરાયલા જીવો શ્રી મહાવીર પ્રભુને સર્વજ્ઞ માનતા નથી. કુમતિથી પ્રેરાયલા જીવો સર્વજ્ઞનો પોતાની સ્વચ્છન્દતા પ્રમાણે અર્થ કરે છે. કુમતિના યોગે જીવો ધર્મતત્ત્વ તરફ પ્રેમ ધારણ કરી શકતા નથી. કુમતિના યોગે જીવો જડ વસ્તુઓને પોતાની કલ્પે છે અને મમતાના વશમાં રહેલા તેઓ સત્ય અવલોકી શકતા નથી. કુમતિના યોગે જીવો મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીય આદિમાં તન્મય બની ગયા હોય છે. કુમતિના યોગે જીવો સુધારાના પવનથી પ્રેરાયલા સિદ્ધાન્તોના પણ અવળા અર્થ કરે છે અને કદાગ્રહ પક્ષમાં પડી જાય છે. કુમતિના યોગે સાત નયોથી દરેક વસ્તુઓનું સ્વરૂપ વિચારી શકાતું નથી. કુમતિના યોગે જૈનધર્મની શ્રદ્ધા થઇ શકતી નથી. ચતુર્ગતિમાં જીવોને કુમતિ પરિભ્રમણ કરાવે છે અને પોતાના તાબામાં આત્માઓને રાખે છે. કુમતિ ખરેખર જીવોને પરસ્પર લડાવી મારે છે અને મૈત્રીભાવને દેશવટો આપે છે. કુમતિથી જીવો ધર્મના આચારો અને વિચારોને સત્ય માની શકતા નથી. કુમતિથી જીવો જ્યાં ત્યાં મારૂં મારૂં એવો પ્રત્યય ધારણ કરે છે અને અહંકાર દશામાં ઘસડાઇ જાય છે. કુમતિ જ્યાં સુખ નથી ત્યાં આત્માને સુખની ભ્રાન્તિ કરાવીને ભમાડે છે. કુમતિના યોગે જીવો સદાકાલ સ્વાર્થમાં ઘસડાય છે. કુમતિના યોગે જીવો સત્યને અસત્ય માને છે અને પોતાના મનમાં જે ખોટું હોય છે તેને પણ સત્ય માની લે છે. અહો! કુમતિની પ્રબલતા જગત્માં કેટલી છે? કુમતિના યોગે જીવો પાપારંભ પ્રવૃત્તિયોથી પોતાનો ઉદય સ્વીકારે છે અને પાપારંભનાં ભાષણ આપનારાઓને ધર્મગુરૂ તરીકે માને છે. કુમતિથી જીવો સત્ય ઉપદેશકને ધિક્કારે છે. કુમતિના યોગે જીવો

કુતર્કના અશ્વો પર બેસી કર્મરૂપ વનમાં પરિભ્રમે છે. કુમતિથી જીવો મહાવીર પ્રભુનાં તત્ત્વોને સાંભળવા પણ રૂચિ કરતા નથી.

કુમતિથી જીવો ઉત્સૂત્ર ભાષણ કરીને અનેક ભવની પરંપરાને વધારે છે. કુમતિથી જીવો શ્રી મહાવીરપ્રભુકથીત સદ્ગુરૂનું સ્વરૂપ જે આગમોમાં છે તેનું ઉત્થાપન કરીને વિપરીતપણે ગુરૂનું સ્વરૂપ માને છે. કુમતિથી જીવો અન્યો પર ક્રોધ કરે છે અને મનમાં વૈરની ઝેરી વાસનાઓને ધારણ કરી નીચ ગતિમાં ઉત્પન્ન થાય છે. કુમતિથી જીવો સ્વાર્થની ફાંસીમાં ફસાય છે અને જન્મ, જરા અને મરણની પરંપરાને પામે છે. કુમતિથી જીવો વસ્તુને વસ્તુપણે જાણી શકતા નથી. કુમતિના યોગે જીવો અનેક પ્રકારનાં કપટો રચે છે. કુમતિ, જીવોને લોભમાં આસક્ત કરે છે અને જીવોને શાન્તિ પામવા દેતી નથી. કુમતિ ખરેખર આત્મને એકાન્તવાદ ધારણ કરાવે છે. દુનિયામાં કુમતિના યોગે જીવો અનેક પ્રકારનાં અનીતિનાં કૃત્યો કરે છે. કુમતિ પોતાના સામર્થ્ય યોગે આત્માની પાસે સ્યાદ્વાદ દૃષ્ટિને આવવા દેતી નથી. અનેકાન્તશૈલીનો સ્વાદ ચાખવા જતાં કુમતિ અનેક પ્રકારનાં વિઘ્ન કરે છે.

જ્યારે આત્માની સાથે કુમતિનો સંબંધ હોય છે ત્યારે ક્રોધ માન માયા અને લોભ તરફ આત્માનું વલણ હોય છે. કુમતિના સંબંધે આત્મા અન્ય પદાર્થોને પોતાના માની મલકાય છે અને જડપદાર્થોમાંથી સુખ ખેંચવા મિથ્યા પ્રયત્ન કરે છે. જ્યારે આત્માની સાથે કુમતિનો સંબંધ હોય છે ત્યારે આત્મા અન્ય મનુષ્યો આદિપર ક્લેશ કરે છે અને અન્ય જીવોનું ભલું ઇચ્છી શકતો નથી. જ્યારે આત્માની સાથે કુમતિનો સંબંધ હોય છે ત્યારે મોહનું જોર વિશેષ હોય છે. જ્યારે કુમતિ સંબંધ આત્માની સાથે હોય છે ત્યારે જ્યાં ત્યાં સ્વાર્થ પ્રેમનો સંબંધ કરવામાં આવે છે. કુમતિની એવી સ્વાભાવિક દૃષ્ટિ હોય છે કે તે આત્માને અવળો માર્ગ દેખાડે છે. આત્મા જે જે હેતુઓથી કર્મ બાંધી શકે તે તે હેતુઓને તે આત્માની આગળ રજુ કરે છે અને આત્માને મિથ્યા ભ્રાન્તિમાં પાડે છે. કુમતિથી આત્માના સુખનું આચ્છાદન થાય છે. પરસ્પર જીવોને અનેક પ્રકારનાં ભયંકર યુદ્ધો કરાવનાર કુમતિ છે. પાડો જેમ સરોવરને ડોળી નાખે છે તેમ મનની શાન્તતાને કુમતિ ડોળી નાખે છે. કૃષ્ણલેશ્યા નિલલેશ્યાદિના ખરાબ વિચારોને કુમતિ કરાવે છે. કામભોગમાં અને અભક્ષ્ય ભક્ષણમાં સુખની ભ્રાન્તિ કરાવનાર કુમતિ છે. સર્વે આત્માઓ એક જાતીય હોવા છતાં પણ અન્ય આત્માઓને દુષ્ટ શત્રુ

તરીકે જણાવનાર કુમતિ છે. માતા અને પિતા વચ્ચે વૈરકરાવનાર કુમતિ છે. બંધુઓ બંધુઓ વચ્ચે લડાઇ અને દુર્દશા સ્ત્રી વચ્ચે ભેદ પડાવીને બન્નેમાં ક્રોધ અને ક્લેશ કરાવનાર કુમતિ છે. હિંદુસ્થાનના રાજાઓમાં ક્લેશ કરાવીને હિંદુસ્થાનની પાયમાલી કરનાર કુમતિ છે. હિંદુઓ અને મુસલમાનોમાં ક્લેશ કરાવીને ઘોર ઝુલ્મોદ્વારા બન્નેની અધોદશા કરાવનાર કુમતિ છે. એક ઘરમાં અનેક પ્રકારના ક્લેશ કરાવનાર કુમતિ છે. હિન્દુસ્થાનના મનુષ્યોનું ખરાબ કરનાર કુમતિ છે, આર્યજનોમાં અનાર્યતાનો વાસ કરાવનાર કુમતિ છે. ગુરૂ અને શિષ્ય વચ્ચે મહાન્ ક્લેશ કરાવનાર કુમતિ છે. ઉછરતા બાળકોમાં વ્યસનોની ટેવ પાડનાર કુમતિ છે, જૈનધર્મમાં અનેક પ્રકારના પંથો પાડનાર કુમતિ છે. જૈનધર્મના સાધુઓને પરસ્પર પ્રેમમાં વિઘ્ન કરનાર કુમતિ છે, ગચ્છોના ભેદવડે જૈનસાધુઓને પરસ્પર ક્લેશી બનાવનાર કુમતિ છે, સાધુઓના ઉપરથી શ્રાવકોની શ્રદ્ધા ઉઠાવનાર કુમતિ છે, સાધુઓને પોતાના ઇષ્ટ કર્તવ્યથી વિમુખ કરનાર કુમતિ છે. પ્રત્યેક ગચ્છના સાધુઓને ક્રિયાના ભેદે ચર્ચા કરાવીને પરસ્પર વૈરનાં બીજ વવાવનાર કુમતિ છે. પૂજ્ય એવા ગુરૂઓ ઉપર પણ અપૂજ્ય બુદ્ધિ કરાવનાર કુમતિ છે. લોકોમાં નાસ્તિકતા ઉત્પન્ન કરાવીને ધર્મને ઢોંગ તરીકે મનાવનાર કુમતિ છે. માબાપ અને પૂજ્યવડીલોનો અવિનય કરાવનાર કુમતિ છે. જૈનસંઘનો ઉદય કરવામાં અનેક પ્રકારના ક્લેશ અને વિઘ્ન નાખનાર કુમતિ છે. કેળવાયલા (વસ્તુતઃ ધર્મથી ન કેળવાયલા ) એવા જૈનબાળકોની ધર્મમાંથી શ્રદ્ધા ઉઠાવી નાખનાર કુમતિ છે, પોતાના પુત્રોને જૈનતત્ત્વોની કેળવણી નહીં આપવાની માબાપોને પ્રેરણા કરનાર કુમતિ છે. રાજા અને પ્રજા વચ્ચે દ્વેષ કરાવનાર કુમતિ છે. ધાર્મિક કાર્યોમાં અશ્રદ્ધા તથા પ્રમાદ કરાવનાર કુમતિ છે, જ્ઞાનીઓ અને યોગીઓમાં પણ અહંકાર માનપૂજા ઉત્પન્ન કરાવનાર કુમતિ છે, શ્રાવકોને અવિનયી પ્રમાદી અને જ્ઞાનશૂન્ય રાખનાર કુમતિ છે. ધર્મના અભિમાનથી અન્યોને મારી નાખવાની પ્રેરણા કરાવનાર કુબુદ્ધિ છે. અધ્યાત્મતત્ત્વપર પ્રીતિ ન કરાવતાં બાહ્ય વસ્તુઓપર પ્રીતિ કરાવનાર કુમતિ છે, જ્ઞાન, દર્શન અને ચારિત્રથી ભ્રષ્ટ કરાવીને બાહ્ય વસ્તુઓમાં ધનની ભ્રાન્તિ કરાવનાર કુમતિ છે. સહજાનન્દ તજાવીને કૃત્રિમ સુખમાં પ્રવૃત્તિ કરાવનાર કુમતિ છે. અનેક જીવોની નિન્દા કરાવનાર કુમતિ છે. અનેક મનુષ્યોના દોષોને બોલાવનાર કુમતિ છે. અનેક જીવોને માંસાહારી અને હિંસક બનાવનાર કુમતિ છે. પૂર્વે અનન્ત જીવોને કુમતિએ દુઃખ આપ્યું, વર્તમાનમાં પણ દુઃખ આપે છે અને ભવિષ્યમાં પણ અનન્ત જીવોને કુમતિ દુઃખ આપશે. કુમતિની પ્રેરણાથી સર્વ અશુભ

આચાર અને અશુભ વિચારને ધારક જીવો પોતાને ભ્રાન્તિથી પવિત્ર માને છે તે પણ કુમતિની પ્રેરણાની અલૌકિક શક્તિ છે. સુમતિ પોતાના આત્મ સ્વામીને કથે છે કે હે પ્રિય! હું જે આ કુમતિ સ્ત્રીનું વર્ણન કરૂં છું તે સત્ય છે એમ મનમાં જાણુ, કુમતિના માયાવી પ્રપઞ્ચો એવા છે કે તેમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ જેવા દેવતાઓ પણ ફસાઇ ગયા છે, ઇન્દ્ર, ચન્દ્ર, નાગેન્દ્ર અને દેવો પણ કુમતિના પ્રપંચમાં ફસાય છે માટે કુમતિની પ્રપંચ-રૂપ ઇન્દ્રજાળથી દૂર થવું હોય તો મારૂં વચન સત્ય માની લે.

સુમતિ આત્માની સ્ત્રી છે, સુમતિનું માહાત્મ્ય વર્ણવે છે. સર્વ જીવોપર શુદ્ધપ્રેમ ધારણ કરાવનાર સુમતિ છે. સર્વ આત્માઓપર મૈત્રીભાવની દૃષ્ટિ ધારણ કરાવનાર સુમતિ છે, સર્વજીવોપર કરૂણાભાવ ઉત્પન્ન કરાવનાર સુમતિ છે. સર્વ મનુષ્યોના ગુણોનો પ્રમોદભાવ ઉત્પન્ન કરાવનાર સુમતિ છે. સર્વ મનુષ્યોના ભિન્ન ભિન્ન આચારો તથા વિચારો તરફ માધ્યસ્થભાવ ધારણ કરાવનાર સુમતિ છે. અહિંસા સંયમ અને તપશ્ચરણમાં પ્રવૃત્તિ કરાવનાર સુમતિ છે. અનિત્ય અશરણ આદિ બાર ભાવનાઓને હૃદયમાં ગ્રહાવનાર સુમતિ છે. નવતત્ત્વ ષડ્દ્રવ્ય સાતનય આદિનો અભ્યાસ કરાવનાર સુમતિ છે, સિદ્ધાન્તોનાં રહસ્ય તરફ પ્રવૃત્તિ કરાવનાર સુમતિ છે. દયા તરફ અપૂર્વ પ્રેમ કરાવનાર સુમતિ છે સત્યને હૃદયમાં ધારણ કરાવનાર તથા સત્ય બોલાવનાર સુમતિ છે. અસ્તેયમાં પ્રવૃત્તિ કરાવનાર સુમતિ છે. બ્રહ્મચર્યમાં અપૂર્વપ્રેમ તથા બ્રહ્મચર્યને ધારણ કરાવનાર સુમતિ છે. પરિગ્રહની મમતાનો ત્યાગ કરાવનાર સુમતિ છે. સાધુનાં પંચ મહાવ્રત અને શ્રાવકના બારવ્રતને અંગકરાવનાર સુમતિ છે. સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધસંઘની પૂજ્યતા અને તેની ભક્તિ કરાવનાર સુમતિ છે. સ્યાદ્વાદ દૃષ્ટિની ખીલવણી કરનાર સુમતિ છે. સાતનયો પૂર્વક પ્રત્યેક પદાર્થનું સ્વરૂપ દર્શાવનાર સુમતિ છે. જૈનધર્મનાં તત્ત્વોની શ્રદ્ધા કરાવનાર સુમતિ છે. શ્રીવીરપ્રભુની સર્વજ્ઞતાની શ્રદ્ધા કરાવનાર સુમતિ છે. હઠયોગ ભક્તિયોગ અને રાજ્યોગમાં પ્રવૃત્તિ કરાવનાર સુમતિ છે અને કાન્તપણે તત્ત્વોનું અપૂર્વ રહસ્ય સમજાવનાર સુમતિ છે. વ્યવહાર અને નિશ્ચય નયનું સ્વરૂપ સમજાવનાર સુમતિ છે જ્ઞાન અને ક્રિયા વડે મોક્ષ થાય છે એમ સમ્યગ્રીત્યા સમજાવનાર સુમતિ છે. સાધુની સંગતિ કરવાથી મહાલાભ પ્રાપ્ત થાય છે એમ સમ્યક્રીત્યા જણાવનાર સુમતિ છે. અધ્યાત્મતત્ત્વ ઉપર પરિપૂર્ણપ્રેમ કરાવનાર સુમતિ છે આત્માના ત્રણ પ્રકારના ભેદ જણાવનાર સુમતિ છે. નવતત્ત્વમાં હેય જ્ઞેય અને

ઉપાદેય કોણ છે તેનો પ્રકાશ કરનાર સુમતિ છે. સંયમમાં અપૂર્વ શક્તિ છે તેને જણાવનાર સુમતિ છે. જગતમાં સારમાં સાર આત્માજ છે અને આત્મામાં સર્વ ઋદ્ધિ છે, એમ દર્શાવનાર સુમતિ છે. આત્મામાં જ્ઞાન દર્શન અને ચારિત્ર્યાદિ ગુણો રહ્યા છે એમ દર્શાવનાર સુમતિ છે. આત્મા અને જડ વસ્તુઓનું ભિન્ન સ્વરૂપ દર્શાવનાર સુમતિ છે. કૃત્ય અને અકૃત્યનું સ્વરૂપ સમજાવનાર સુમતિ છે. ભક્ષ્ય અને અભક્ષ્યનું સ્વરૂપ અવબોધાવનાર સુમતિ છે. પેય અને અપેય પદાર્થોનો વિવેક કરાવનાર સુમતિ છે. ઉદયના હેતુઓને સમજાવનાર સુમતિ છે. સર્વધર્મોમાં જૈન ધર્મની ઉત્તમતા બતાવનાર સુમતિ છે. નયોની અપેક્ષાએ દુનિયામાં ચાલતા સર્વે ધર્મો જૈન દર્શનમાં સમાઇ જાય છે એમ નિર્ણય કરાવનાર સુમતિ છે. શ્રાવક ધર્મ કરતાં સાધુ ધર્મની ઉત્તમતા બતાવનાર સુમતિ છે. જૈન ધર્મની ઉન્નતિના ઉપાયોને દર્શાવનાર સુમતિ છે. જૈન ધર્મમાં પ્રવેશ કરાવનાર સુમતિ છે. જૈન ધર્મના ફીરકાઓમાં સલાહ શાન્તિ ફેલાવનાર સુમતિ છે. જૈન ધર્મનો ઉપદેશ કરાવનાર સુમતિ છે. તીર્થંકરોની પરમાત્મ દશા જણાવનાર સુમતિ છે. અન્ય ધર્મીઓ પર દ્વેષ ક્લેશ ન કરાવનાર સુમતિ છે.

ધર્મના નામે થનાર ભયંકર યુદ્ધોને શમાવનાર સુમતિ છે. ધર્મના ઉપર ચોલમજીઠનો રાગ ધારણ કરાવનાર સુમતિ છે. અનેક પ્રકારની ભાષા આદિના પ્રોફેસરો થયા છતાં પણ ધર્મની પૂર્ણ શ્રદ્ધા કરાવનાર સુમતિ છે. અનેક જાતના ધર્મોમાં પણ નયોની અપેક્ષાએ રહેલા સત્યને દર્શાવનાર સુમતિ છે. સર્વ પ્રકારના કાર્યોમાં ધર્મકાર્યની ઉત્તમતા જણાવનાર સુમતિ છે.

સર્વ મનુષ્યો વગેરેને પોતાના આત્મા સમાન જણાવનાર સુમતિ છે. સર્વ જીવોની સાથે પરમાર્થે વૃત્તિથી વર્તવાનું ભાન કરાવનાર સુમતિ છે. સર્વ જીવોની સાથે ઐક્ય કરાવનાર સુમતિ છે. ભિન્ન ભિન્ન દેશના મનુષ્યોમાં પણ ઐક્ય કરાવનાર સુમતિ છે. સર્વ દેશોના મનુષ્યોનું ભલું ઇચ્છવાની પ્રેરણા કરનાર સુમતિ છે. એશીયા, યુરોપ, આફ્રિકા, અમેરિકા અને આસ્ટ્રેલીયાના મનુષ્યોમાં એક સરખાપણાની પ્રેરણા કરનાર સુમતિ છે. સર્વ દેશોના કારોબારીઓને સુલેહ શાન્તિ જાળવવાની પ્રેરણા કરનાર સુમતિ છે. સર્વ જાતની પ્રજાને સરખી રીતે માની તેના ભલામાં ભાગ લેવો જોઇએ એવી રાજાઓને પ્રેરણા કરનાર સુમતિ છે. રાજ્ય–વેપાર આદિના લોભ માટે યુદ્ધ કરી અનેક મનુષ્યોનાં રક્ત રેડવાં નહીં એવી પ્રેરણા કરનાર સુમતિ

છે. અન્ય મનુષ્યોનાં હૃદય દુઃખવવાં નહિ એવી પ્રેરણા કરનાર સુમતિ છે. નાત જાતના ભેદે પરસ્પર કુસંપની હોળી સળગે છે તેને શમાવવાની પ્રેરણા કરનાર સુમતિ છે. ગચ્છોની ભિન્ન ભિન્ન ક્રિયાઓથી જૈન વર્ગમાં પરસ્પર ગચ્છના મનુષ્યો પ્રતિ જે અણગમો અદેખાઈ અને દ્વેષ થાય છે તેનો નાશ કરવાની પ્રેરણા કરનાર સુમતિ છે. ધર્મની સામાન્ય તકરારોમાં મનુષ્યો મહાન્ કલેશ કરે છે તેને શમાવનાર સુમતિ છે. જગતમાં સર્વ જાતના મનુષ્યોના કલ્યાણ અર્થે જૈન ધર્મ છે એવું સિદ્ધ સમજાવનાર સુમતિ છે. સર્વ પ્રકારના મનુષ્યોમાં ન્યાયની પ્રેરણા કરનાર સુમતિ છે. મનુષ્યોમાં રહેલી નિર્દયતાનો નાશ કરીને દયાની સુકોમળતા પ્રગટ કરાવનાર સુમતિ છે. દુર્જનપણાની વૃત્તિયોનો ત્યાગ કરાવવાની પ્રેરણા કરનાર સુમતિ છે. આત્માઓએ પરસ્પર પૂર્ણપ્રેમથી એક બીજાને મદદ કરવી જોઇએ એમ પ્રેરણા કરનાર સુમતિ છે. મન વાણી અને કાયાથી સર્વનું ભલું કરવું જોઇએ એવી પરોપકારની પ્રેરણા કરનાર સુમતિ છે. દેવ, ગુરૂ અને ધર્મની આરાધનાની પ્રેરણા કરનાર સુમતિ છે, જંગમતીર્થ અને સ્થાવરતીર્થનું સ્વરૂપ સમજાવનાર સુમતિ છે, આખી દુનિયાના જીવોપર શુદ્ધપ્રેમની વૃષ્ટિ કરાવનાર સુમતિ છે. જગતમાં સર્વ જીવોને ઉપકાર કરવો જોઇએ એવી પ્રેરણા કરનાર સુમતિ છે અનેક અપરાધ કરનાર શત્રુઓપર ક્ષમા ધારણ કરવી જોઇએ એવી અન્તરમાંથી પ્રેરણા કરનાર સુમતિ છે. બાવના ચંદનની પેઠે શાન્તિકારકવાણી બોલાવનાર સુમતિ છે, ક્ષમાના ઉત્તમ પાઠો ભણાવનાર સુમતિ છે, ઉત્તમ પ્રકારની લઘુતા ધારણ કરવી જોઇએ. સર્વજીવોની સાથે નમ્રતાથી વર્તવું જોઇએ અને સ્વપ્નમાં પણ કોઇ બાબતનો અહંકાર ન કરવો જોઇએ એવી સારી પ્રેરણ કરનાર સુમતિ છે કપટની બાજીથી કદાપિ શ્રેયઃ થવાનું નથી અને સરલતાથી સર્વથા સર્વદા ભલું થાય છે માટે મન વાણી અને કાયાથી સરલતા ધારણ કરવી એવી સત્ય પ્રેરણા કરનાર સુમતિ છે. લોભથી કદી શાન્તિ થતી નથી. અદ્યાપિ પર્યંત કોઇ લોભથી કોઇ સત્ય સુખ પામ્યો નથી અને ભવિષ્યમાં પામનાર નથી. લોભથી ઉલટી મનમાં હાયવરાળ પ્રગટે છે અને મન અશાન્ત રહે છે. લોભથી અનેક પ્રકારનાં પાપ કરવાની પ્રવૃત્તિ થાય છે અને તેથી ઘોર કર્મ બાંધવાં પડે છે એમ હૃદયમાં નિશ્ચય કરાવીને લોભની મુક્તિનો નિશ્ચય સુમતિ કરાવે છે. મનમાં કોઇ પણ પ્રકારની ઇચ્છા પ્રગટે નહીં એવી સ્થિતિમાં તપની પ્રેરણા કરનાર સુમતિ છે. તપથી અનેક ભવનાં કરેલાં કર્મક્ષય થાય છે અને તેથી આત્માની શુદ્ધિ થાય છે એમ તેનાં સૂક્ષ્મ રહસ્યોને સમજાવીને તેની પ્રવૃત્તિ કરાવનાર સુમતિ છે. સંયમના સમાન અન્ય કોઇ નથી. જો

સંયમમાં આત્માની રમણતા થાય છે તો મનમન્દિરમાં આત્માનો મહોત્સવ થાય છે એમ સમજવું. સંયમથી આત્માની અનંત શક્તિયો પ્રગટે છે. અ-લ્પકાલમાં મુક્તિની પ્રાપ્તિ કરાવી આપનાર સંયમ છે એવી પ્રેરણા કરીને તેમાં આત્માની પ્રવૃત્તિ કરાવનાર સુમતિ છે. જગતમાં સત્ય સમાન અન્ય કોઇ ધર્મ નથી. સત્યથી અન્ય કોઇ મહાન્ ધર્મ નથી. સત્યથી દુનિયાનો વ્યવહાર ચાલે છે. જ્યાં સત્ય છે ત્યાં ધર્મ છે અને જ્યાં અસત્ય છે ત્યાં ધર્મ નથી. જ્યાં સત્ય છે ત્યાં પરમેશ્વર છે અને જ્યાં અસત્ય છે ત્યાં માયા છે એમ સમજાવનાર સુમતિ છે. **सत्यान्नास्ति परोधर्म्मः** સત્ય સમાન અન્ય કોઇ ઉત્કૃષ્ટ ધર્મ નથી. સત્યથી ધર્મનું સામ્રાજ્ય પ્રવર્તે છે. સત્ય રાત્રી દીવસ જાગ્રત રહે છે સત્યને કોઇ પણ પ્રકારની આંચ આવતી નથી. સત્યને કોઇ જાતનો ભય નથી સત્ય ત્રણ ભુવનમાં ગાજે છે. સત્યને દબાવવામાં આવે તો તે દબાતું નથી. સત્ય સમાન અન્ય કોઇ પ્રકાશ નથી. સત્યનો સૂર્ય જેના હૃદયમાં છે તેની પાસે પરમાત્મા છે. સત્યમાંજ પરમાત્મા વસે છે.

સત્ય થકી મન વાણી અને કાયાની શુદ્ધિ થાય છે. જ્યાં સત્ય છે ત્યાં વ્રત છે. જ્યાં સત્ય છે ત્યાં સન્તપણું છે. સત્યનો પ્રકાશ ત્રણ ભુવનના જીવોને પવિત્ર કરે છે. સત્યરૂપ ગંગાનદી જેના હૃદયમાં વહે છે તેને આધિ, વ્યાધિ અને ઉપાધિના તાપો અસર કરી શકતા નથી. સત્યના તેજની આગળ સર્વ પ્રકારનાં તેજ ઝાંખાં પડી જાય છે. સત્યના પ્રતાપથી દુનિયા ટકી રહી છે. સત્ય કદી અસત્યને મદત કરી શકતું નથી. સત્યના મહા સાગરમાં સુખના તરંગો ઉદ્યા કરે છે. જે મનુષ્યો જિવ્હાવડે અસત્ય વદે છે તેઓ મનુષ્યપણાના પણ અધિકારી થયા નથી. જે મનુષ્યો સ્વાર્થના દાસ થઇને સત્યનો તિરસ્કાર કરે છે તેનો ધર્મ તિરસ્કાર કરે છે. જે મનુષ્યો સત્ય બો-લતાં અચકાય છે તેઓ મોક્ષમાં જતાં પણ અચકાય છે. હૃદયરૂપ ઘરમાં અસત્યરૂપ અંધકાર રાખવાથી કંઇ પણ હિત થતું નથી પણ યદિ જો હૃદ-યરૂપ ઘરમાં સત્યરૂપ પ્રકાશ ધારણ કરવામાં આવે તો આત્મા પરમ સુખનો માર્ગ ગ્રહણ કરી શકે. સત્ય વિનાનાં તપ જપ વગેરેનાં અનુષ્ઠાનો મુક્તિ આપવા સમર્થ થતાં નથી. સત્ય ધારણ કરવાને માટે મનુષ્યની જીંદગી છે પણ અસત્ય ધારણ કરવા માટે નથી. સત્ય બોલવા માટે જિવ્હા છે પણ અસત્ય બોલવા માટે જિવ્હા નથી. હૃદયમાં સત્ય ધારવું તે હૃદયનો સદુપ-યોગ છે અને જિવ્હાથી સત્ય બોલવું તેજ જિવ્હાનું મુખ્ય પ્રયોજન છે. સત્યની મર્યાદા નથી અર્થાત્ તે અમુક દેશ કાળવડે પરિચ્છિન્ન નથી પણ સત્ય સર્વત્ર રહે છે. સત્યનો મહિમા લાખો કરોડો જિવ્હાથી કરોડો વર્ષ

પર્યંત વર્ણવવામાં આવે તોપણ તે વર્ણવી શકાય તેમ નથી. સત્યની સહાય કરનારા દેવતાઓ છે. સત્ય અન્તે સુખ દેખાડવા સમર્થ થાય છે અને અસત્ય અન્તે દુઃખ દેખાડવા સમર્થ થાય છે. સત્યમાં પ્રવેશ કરતાં પ્રથમ અનેક દુઃખો સહન કરવાં પડે છે. સત્યની સાક્ષી હૃદય આપે છે અને સત્યનો નિર્ણય હૃદય પોતાની મેળે વિવેકદૃષ્ટિથી કરી લે છે. ઉલટી નદી ઉતરીને પેલે પાર જવું અને સત્ય બોલવું એ બે પ્રથમ તો સરખાં લાગે છે પણ દૃઢ સંકલ્પથી સત્યમાં પ્રવૃત્તિ કરવામાં આવે તો સત્યનો માર્ગ નિર્ભય અને આનન્દપ્રદ ભાસે છે. પ્રથમાભ્યાસમાં સત્ય બોલવું વજ્રની પેઠે ભારે લાગે છે પણ પશ્ચાત્ સત્યનો અભ્યાસ થવાથી આકડાના તુલના કરતાં પણ તે હલકું લાગે છે. સત્યરૂપ મોટી સ્ટીમરવડે સંસારરૂપ મહાસાગરને સુખે તરી શકાય છે. સત્ય જો હૃદયમાં છે તો સહાયકારકોની ખોટ નથી. સત્યના સાક્ષીઓ લાખો સ્થાનકોથી પ્રગટ થાય છે. સત્યના માટે એકે પૈસાનો પણ વ્યય કરવાની જરૂર રહેતી નથી. સત્ય સર્વના હૃદયમાં વસવાને માટે તૈયાર છે પણ તેને જે આમંત્રણ કરે છે તેના હૃદયમાં સત્ય વસે છે. **ગમે તેવો નીચ કુળનો મનુષ્ય હોય પણ જો તેના હૃદયમાં સત્ય છે તો બ્રાહ્મણજ છે. કોઇ મુનિ વા બ્રાહ્મણ છે પણ જો તે સત્યથી પરાઙમુખ છે તો તે ચંડાલના કરતાં શ્રેષ્ઠ ગણાવાને લાયક નથી.** સત્યનાં ગુણ સ્થાનકરૂપ પગથીયાં છે. સત્યના ઉપાસકો જ્યાં ત્યાં સુખને દેખી શકે છે. સત્યના ઉપાસકો પરમાત્માના પુત્રો છે એમ જો કહીએ તો અતિશયોક્તિ નથી. સત્યના ઉપાસકો કરતાં કોઇ ધનવાન્ વા સત્તાવાન્ નથી, સત્યના ઉપાસકો અગમ્ય એવા મોક્ષ સ્થાનમાં પ્રવેશ કરે છે. મનથી અને ભાષાથી સત્યનું સ્વરૂપ અવબોધવું જોઇએ. એમ સુમતિ આત્માને સમજાવીને તેમાં પ્રવૃત્તિ કરાવે છે.

સુમતિથી આત્માની શૌચમાં પ્રવૃત્તિ થાય છે, બાહ્ય શૌચ અને અન્તર શૌચ એ બે પ્રકારનું શૌચ છે. બાહ્ય શૌચની પણ અમુક હેતુ પુરસ્સર આવશ્યકતા છે. ગૃહસ્થોને દ્રવ્યશૌચની આવશ્યકતા છે. જલ વગેરેથી શરીરનો મેલ દૂર કરી શકાય છે અને તેથી શરીરની સ્વચ્છતા થતાં મનની જાગ્રતિ રહે છે. ભાવશૌચની પણ અત્યંત આવશ્યકતા છે, હૃદયની શુદ્ધિ કરવી તેને ભાવશૌચ કહે છે. મનનાં પાપોને ધોનાર ભાવશૌચ કરી શકે છે. અશુદ્ધ પરિણતિ એજ ખરેખરો હૃદયનો મેલ છે, અજ્ઞાન રાગ અને દ્વેષને ટાળ્યા વિના હૃદયની સત્ય શુદ્ધિ થતી નથી. એક ઠેકાણે શ્રીકૃષ્ણ અર્જુનને બોધ આપતાં કથે છે કે હૃદયની શુદ્ધિ જલથી થઇ શકતી નથી. તે કથે છે કે.

## श्लोक.

**आत्मनदी संयमतोयपूर्णा, सत्यावहा शीलतटादयोर्मि**
**तत्राभिषेकं कुरु पाण्डुपुत्र, नवारिणा शुद्ध्यति चान्तरात्मा(१)**

આત્મરૂપ નદી છે અને તે સંયમરૂપ જળથી પૂર્ણ છે. સત્યરૂપ પ્રવાહ છે. શીલરૂપ તટ છે અને તેમાં દયારૂપ ઉર્મિયો ઉત્પન્ન થાય છે. હે પાંડુપુત્ર ! તું તેવી આત્માનદીમાં સ્નાન કર, અન્તરાત્મા વારિવડે શુદ્ધ થતો નથી. મનુષ્યો જેટલી શરીરની શુદ્ધિ કરવા લક્ષ્ય આપે છે તેટલું મનની શુદ્ધિ કરવા લક્ષ્ય આપતા નથી, લાખો કરોડો મનુષ્યો દરરોજ સ્નાન કરે છે પણ ભાગ્યે તેઓ હૃદયની શુદ્ધિ તરફ લક્ષ્ય આપી શકતા હશે, શરીરની શુદ્ધિ જેટલી ઉપયોગી છે તેના કરતાં અનન્તગુણી હૃદયશુદ્ધિ કરવાની જરૂર છે. શરીરની શુદ્ધિ જેટલી આકર્ષક છે તેના કરતાં હૃદયની શુદ્ધિ અનન્ત ગુણી વિશેષ આકર્ષક છે. શરીરની શુદ્ધિ કરનારે હૃદયની પવિત્રતાપર ખૂબ લક્ષ્ય આપવું જોઇએ. યાદ રાખવાનું છે કે શરીરશુદ્ધિનો મુખ્ય ઉદ્દેશ હૃદયસ્વસ્થતા માટે છે. કેટલાક પ્રાતઃકાલમાં નદીઓ વગેરેમાં સ્નાન કરે છે અને કોઇ પોતાને સ્પર્શી જાય છે તો અભડાઇ જાય છે અને પોતાને શૌચધર્મથી પવિત્ર માને છે પણ તેવા પ્રકારના કેટલાક મનુષ્યોના હૃદયમાં ઉંડા ઉતરીને જોઇએ છીએ તો ક્રોધ, માયા, માન, લોભ, ઈર્ષ્યા, વિષયવાસના વિશ્વાસઘાત હિંસા, પરિણામ, અસત્ય, સ્વાર્થ વગેરેના કરોડો ખરાબ વિચારોનો પ્રવાહ વહેતો જણાય છે અને તેથી તેઓ પોતાના મનમાં અનેક પ્રકારના ખરાબ વિચારો કરીને આચારમાં પણ અશુભપણું દેખાડે છે. તેઓ ઉપરથી સ્વચ્છ પણ અન્તરથી તો કાકની ઉપમાને ધારણ કરનારા કહી શકાય. તેઓનામાં પ્રેમ, ભ્રાતૃભાવ, પરોપકાર, દાન, દયા વગેરે સદ્ગુણો તો દબાયલા માલુમ પડે છે. સામાન્ય બાબતોમાં પણ તેઓ પોતાના મનને પાપમાર્ગમાં દોરવી દેછે. પોતાની ઉન્નતિ અને જગતની ઉન્નતિ માટે તેઓ બેદરકાર રહે છે. સાધુસન્ત પુરૂષોથી તેઓ ભાગતા ફરે છે. જ્યાં જાય છે ત્યાં સ્વાર્થાભિમુખ વૃત્તિ કરીને જાય છે અને અન્તરથી કપટકળા ધારણ કરીને જાય છે તેથી તેઓ પોતાના મનને સુધારવાને શક્તિમાન બનતા નથી. હૃદયની પવિત્રતાવિના બાહ્યનું ચારિત્ર ઉત્તમફળ દેખાડી શકતું નથી. હૃદયની પવિત્રતાવિના ઉત્તમ પુરૂષોનો બોધ હૃદયનો પ્રકાશ કરવા સમર્થ થતો નથી. હૃદયની પવિત્રતાવિના મનુષ્ય કોઈ પણ મનુષ્યને ઉત્તમ અસર કરવાને માટે શક્તિમાન

બનતો નથી. હૃદયની પવિત્રતાવિના ઉત્તમ અનુભવજ્ઞાન પ્રગટી શકતું નથી. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન આ પાંચ પ્રકારના જ્ઞાન પ્રાપ્ત કરવાં હોય તો હૃદયની પવિત્રતા કરવા હૃદયનું વિવેકજળથી ક્ષાલન કરવું જોઇએ.

પરભવમાં હૃદયની પવિત્રતા ખપમાં આવવાની છે એમ નિશ્ચય માનશો. હૃદયની પવિત્રતા ધારક મનુષ્યો મૌન રહીને મહાત્માઓ બની શકે છે અને તેઓ ભાષાજ્ઞાનમાં સામાન્ય હોય છે તોપણ મોટમોટા રાજાઓ, બાદશાહો, કવિઓ અને પ્રોફેસરો કરતાં જગતના ઉપર સારીઅસર કરે છે અને દુનિયાને શુભ માર્ગમાં દોરી શકે છે. હૃદયની શુદ્ધિવિના બાહ્ય ક્રિયાના સમૂહોથી આત્માની ઉચ્ચતા થતી નથી. જ્યારે ત્યારે પણ હૃદયની શુદ્ધિથી જ્ઞાનાદિ સદ્ગુણો ખીલ્યા છે ખીલે છે અને ખીલશે. હૃદયની ઉત્તમતા કરવી હોયતો પ્રથમ હૃદય શુદ્ધિ કરવી જોઇએ. જો અનેક પ્રકારના દોષોને ધોઇ નાખી હૃદયની શુદ્ધિ કરવામાં આવશે તો પરમાત્માની પ્રાપ્તિ કરતાં વાર લાગવાની નથી, કોઇ પણ પ્રકારની ભાષા ભણીને વિદ્વાન થવા માત્રથી કંઇ હૃદયની શુદ્ધિ થઇ શકતી નથી. હૃદયની શુદ્ધિનો સંબંધ સત્સંગની સાથે છે, સત્પુરૂષોના સમાગમથી તથા તેમના સદુપદેશથી હૃદયની શુદ્ધિ થાય છે. વિશ્વામિત્રના હૃદયની શુદ્ધિ વસિષ્ઠના સમાગમથી થઇ હતી. પવિત્ર આચારો અને પવિત્ર વિચારોના સેવનથી સત્વર હૃદયની શુદ્ધિ થાય છે. હૃદયમાં સદાકાલ પવિત્ર ગુણોની ભાવના કરવી જોઇએ. હૃદયમાં સ્વાર્થમય જે જે વિચારો થાય તેને તુર્ત દબાવવા જોઇએ. કોઇનું બુરૂ કરવાની વૃત્તિ થાય તો તુર્ત તેને સમાવવી જોઇએ. ગમે તે ધર્મના મનુષ્યોનું પણ મનમાં અંશ માત્ર બુરૂ ચિંતવવું નહિ અને તેમજ કરવું નહિ. શુદ્ધ પ્રેમની વૃત્તિથી સર્વ મનુષ્યોનું ભલું કરવાના વિચારો કરવાથી અશુભ વિચારોના પ્રવાહ શમે છે અને શુભ પ્રવાહનો વેગ વૃદ્ધિ પામે છે. જગતમાં મરતી વખતે હૃદયની શુદ્ધિ પરભવમાં સાથે આવે છે અને પરભવમાં પણ ઉત્તરોત્તર શુભ ગુણોની વૃદ્ધિ પામે છે. દર્પણથી શુદ્ધિ કરવાથી જેમ દર્પણમાં દરેક પદાર્થો સમ્યક્પણે ભાસે છે તેમ હૃદયની શુદ્ધિ થવાથી સર્વે પદાર્થો હૃદયમાં સમ્યગ્રીત્યા ભાસે છે. હૃદયની શુદ્ધિથી દરેક પ્રાણીઓ પવિત્ર થઈ શકે છે. હૃદયની શુદ્ધિવિના ગૃહસ્થ હોય વા સાધુ હોય પણ કોઇ ઉત્તમ આત્મા થઇ શકતો નથી. સુંદર છટાદાર ભાષણ અને ભાષાની લાલિત્યતા ઉપર કંઇ મોહ પામવાનું નથી. પૃથ્વી-

ના દાનથી અને કરોડો ગાયોના દાનથી જે લાભ થતો નથી તે એક ફક્ત હૃદયની શુદ્ધિ કરવાથી લાભ થાય છે. બાહ્યનો ડાકડમાલ અને ભભકો લોકને આંજી નાખે તેવો હોય પણ જો હૃદયની શુદ્ધિ નથી તો આત્માની ઉચ્ચતા કદી થઇ શકતી નથી, હૃદયની શુદ્ધિથી લોહચુંબકની પેઠે અન્ય મનુષ્યોના પ્રતિ આકર્ષણ થાય છે. હૃદયની શુદ્ધિથી સૂર્યના પ્રકાશની પેઠે પોતાના સમાગમમાં આવનાર અનેક મનુષ્યોને પવિત્ર કરી શકાય છે. હૃદયની શુદ્ધિવિના ગુરૂનો બોધ પણ હૃદયમાં ઉત્તમ પ્રકારની અસર કરી શકતો નથી, ગુણાનુંરાગ દૃષ્ટિથી અનુભવપૂર્વક વિચાર કરવામાં આવશે તો હૃદયની શુદ્ધિ થવાની. જે મનુષ્યો અન્ય મનુષ્યોના અનેક સદ્‌ગુણોને મૂકીને દોષોને દેખ્યા કરે છે તે મનુષ્યો પોતાના હૃદયની શુદ્ધિ કરવાને સમર્થ થતા નથી. દુનિયામાં દોષો અને સદ્‌ગુણો સર્વત્ર હોય છે. ગુણો દેખવાથી અને હૃદયમાં સદ્‌ગુણોની ભાવના કરવાથી હૃદયની શુદ્ધિ થાય છે. જે જે પાપો અજ્ઞાન વડે થયાં હોય તેનું ગુરૂ પાસે પ્રાયશ્ચિત્ત લેવાથી હૃદયની શુદ્ધિ થાય છે. જે જે દોષાચરણો સેવવામાં આવે તેનો ત્યાગ કરવાની પ્રાતિજ્ઞા અને તેની માફી માગવાથી હૃદયની શુદ્ધિ થાય છે. હૃદયની શુદ્ધિ થતાં હૃદય માખણની પેઠે કોમળ અને સુંદર વાડીની પેઠે અનેક જ્ઞાનાદિ ગુણોથી શોભી ઉઠે છે. ભાવ શૌચ કરવાની પ્રેરણા સુમતિ કરે છે.

લક્ષ્મીની ઉપાધિમાં પડેલા રાત્રી દીવસ ધાન્યના કીડાની પેઠે લક્ષ્મીના કીડા બને છે અને જેની વસ્તુતઃ કિમ્મત નથી એવી લક્ષ્મીની કિંમતઆંકે છે અને જેની કિમ્મતનો પાર નથી એવા આત્માના ઉપર બિલકુલ લક્ષ્મીદાસો લક્ષ્ય આપતા નથી. જેઓ એકાન્તે લક્ષ્મીના દાસ બને છે તે ઓ પ્રભુભક્તિ, ગુરૂભક્તિ, પરમાર્થ પ્રેમ, પરોપકાર, આત્માની ઉન્નતિના હેતુઓ તરફ લક્ષ્ય આપી શકતા નથી. લક્ષ્મીદાસો જડ એવી લક્ષ્મીના ઉપાસકો છે તેથી તેમની વૃત્તિ વારંવાર જડ પદાર્થોની સાથે સંબંધ રાખે છે તેથી તેઓ જડ જેવા બની જાય છે કહ્યું કે **જે જેનું ધ્યાનજ ધરે તે તેવો થઇ જાય. ઇલિ ભમરી ધ્યાનથી ભમરી થઇ ઉડજાય.** લક્ષ્મીમન્તો જડ વસ્તુઓના લોભથી ચૈતન્ય તત્ત્વ તરફ વૃત્તિને વાળી શકતા નથી તેથી તેઓ આત્માનું સહજ સુખ પ્રાપ્ત કરવા શક્તિમાન્ થતા નથી. લક્ષ્મી મન્તો દાવાનલની પેઠે સર્વ વસ્તુઓને ઇચ્છે છે પણ તેમની તૃષ્ણાની શાન્તિ થતી નથી. કોઇ મેરૂ પર્વત જેટલો રત્નનો ભંડાર પામે તોપણ જો તેના હૃદયમાં તૃષ્ણા છે તો કદી તે ખરૂં સુખ અને ખરી શાન્તિ પ્રાપ્ત કરી

શકતો નથી. લક્ષ્મીમન્તો લક્ષ્મીના લોભરૂપ મહાસાગરના તળીએ પ્રવેશે છે. જડરૂપ લક્ષ્મીમાં અન્યોને સુખ આપવાનું જ્ઞાન નથી. જડરૂપ લક્ષ્મીને મૂકી અનેક મનુષ્યો પરભવમાં ગયા પણ લક્ષ્મીએ તેઓની પાછળ એક પગલું પણ ભર્યું નહી. લક્ષ્મીના અભિલાષીઓ જેનાપર પ્રેમ ધારણ કરવો જોઇએ તેનાપર પ્રેમ ધારણ કરતા નથી અને પ્રેમના લાયક નહીં એવી જડ વસ્તુઓપર પ્રેમ ધારણ કરે છે. લક્ષ્મી મન્તો લક્ષ્મીના ઘેનમાં છકી જઇને સન્ત પુરૂષોને પણ તિરસ્કારે છે. લક્ષ્મી ચંચળ છે તેથી તેની પાસે જે જાય છે તેને પણ ચંચળ બનાવે છે. લક્ષ્મી અનેક મનુષ્યો પાસે ગઇ પણ કોઇની તે થઇ નહીં તેથી તે વેશ્યાની પેઠે તેના ઉપાસકોને પણ વેશ્યાના જેવા કપટી નિર્લજ્જ, મૂઢ અને અધર્મી બનાવે તેમાં શું આશ્ચર્ય. લક્ષ્મીનો નાશ થાય છે. લક્ષ્મીનું દાન દેવાય છે વા લક્ષ્મીનો ભોગ થાય છે. કંજુસ મનુષ્યો લક્ષ્મીનું દાન પણ કરી શકતા નથી અને તેમ તેનો ભોગ પણ કરી શકતા નથી. ભોગી મનુષ્યો લક્ષ્મીને ભોગમાં વાપરે છે. ઉતમ મનુષ્યો પોતાના ઉપયોગમાં લક્ષ્મીને વિવેકથી વાપરે છે અને તેમજ સુપાત્રમાં લક્ષ્મીનું દાન પણ કરે છે. વિવેકી મનુષ્યો એમ સમજે છે કે લક્ષ્મી કંઇ પોતાની નથી. સર્વ જીવોના શ્રેયમાં લક્ષ્મીનો સદુપયોગ કરવો એજ ઉત્તમ કાર્ય છે. કરોડો રૂપયા ભેગા કરવામાં આવે તેથી કંઇ મનુષ્ય જન્મની સફલતા થતી નથી. જ્યારે લક્ષ્મીને સુપાત્રમાં વાપરવામાં આવે તોજ મનુષ્ય જન્મની સફલતા થાય છે. જે જડ વસ્તુઓને ઘરમાં ભેગી કરવામાં આવે અને તેનો સદુપયોગ કરવામાં ન આવે તો તે લક્ષ્મીને ધૂળમાં કંઇ ફેર જણાતો નથી. લક્ષ્મીને માટે મનુષ્યનું જીવન નથી. આ જગતમાં અસંખ્ય લક્ષ્મીમન્તો થઇ ગયા, ઘણા થાય છે અને ઘણા થશે તોપણ તેઓ આત્મજ્ઞાન વિના સહજ સુખને પામ્યા નહી પામતા નથી અને પામશે નહીં. લક્ષ્મીનો સદુપયોગ કરવો જોઇએ–કરોડો લાખો મનુષ્યો દુઃખી હોય અને તેના ભલા માટે લક્ષ્મી ન વાપરતાં પટારામાં ધનને રાખવામાં આવે તેથી કંઇ આત્મ કલ્યાણ થતું નથી. લક્ષ્મી મન્તોના મનમાં સવાશેર દારૂના કરતાં વિશેષ ઘેન રહે છે તેનું કારણ એ છે કે જડ એવી લક્ષ્મીની સંગતિથી જડકર્મના તાબે તેઓ થયા હોય છે. ચેતન તત્ત્વના ઉપાસકો ચૈતન્યતત્ત્વની વૃદ્ધિ કરે છે કારણ કે ચેતનતત્ત્વના ઉપાસકોને જ્યારે ત્યારે ચૈતન્યનો સંયમ ગમે ત્યાં થાય છે. જડ એવી લક્ષ્મીના ઉપાસકોને ક્ષણે ક્ષણે જડનો સંયમ કરવો પડે છે તેથી તેઓ અજ્ઞાન મોહ ક્લેશ દ્વેષ કુસંપ સ્વા-

ર્થ વગેરે કર્મના કર્તા બને છે. લક્ષ્મીની પ્રાપ્તિ માટે અનેક પ્રકારના જીવ-હિંસાદિ આરંભો કરવા પડે છે અને સ્વાર્થાદિ દોષોને સેવવા પડે છે તોપણ મનુષ્ય સંચિત કરેલી લક્ષ્મીનો પુણ્યમાર્ગમાં વ્યય કરતાં અચકાય છે. પોતાના ઘરમાં ઉત્પન્ન થએલાં મનુષ્યોને મનુષ્ય ધારે છે અને તેના માટે લક્ષ્મી ખર્ચે છે પણ અન્ય માટે કંજુસાઇ કરે છે. કંજુસ મનુષ્યો લક્ષ્મીના ગુલા-મ છે અને તેઓ લક્ષ્મીનું રક્ષણ કરવા ચોકીદારની પેઠે અવતાર ધારણ કરે છે. કંજુસ મનુષ્ય દુનિયાના મનુષ્યોના ઉપકારના હેઠળ દબાયલા છે. મનુષ્યનો અવતાર તે પામ્યો તેમાં તેને અનેક ઉપકારીઓએ ઉપકાર કર્યા છે તેથી તે ઉપકારના હેઠલ દબાયલો છે તોપણ ઉપકારનો પ્રતિબદલો વાળ-વા પણ પ્રયત્ન કરતો નથી. કંજુસ મનુષ્યની પેઠે જો હવા પણ કંજુસની સાથે કંજુસાઇ કરે અને તેના શરીરમાં પ્રવેશ ન કરે તો એક પલકમાં તેનો પ્રાણ ચાલ્યો જાય. આ દુનિયાની વસ્તુઓ દરેક પ્રાણીઓના ઉપભોગને માટે છે. સર્વનો તેમાં સરખો હક્ક છે. સર્વના માટે વાયુ છે. સર્વના માટે પંચ-ભૂત છે તેમાંથી એક મનુષ્ય કંજુસાઇથી વિશેષ ઉપયોગ કરે અને અન્યો ને ઉપયોગમાં ખલેલ પહોચાડે તો દુનિયાની ન્યાય દષ્ટિથી તે વિરૂદ્ધ કાર્ય કરે છે એમ અન્ય વિદ્વાનો કથે છે. સર્વ પ્રકારની લક્ષ્મી પોતાના ત્યાં ભેગી કરી તેને ભોંયરામાં દાટિ દેઇ અન્ય મનુયોના આહારા-દિક જીવન વ્યવહારમાં ખલેલ પહોંચાડવી એ વસ્તુતઃ વિચારતાં અન્યાય લાગે છે. કદાપિ એમ કહેવામાં આવે કે પૂર્વભવના પુ-ણ્યના યોગે તેના ઘેર લક્ષ્મી ભેગી થઇ અને તેથી તે લક્ષ્મીમાન્ થયો છે. તેની મરજી હોય તો તે અન્યને આપી શકે તેમાં તેને શો અન્યાય કર્યો ! આ પ્રશ્નના ઉત્તરમાં કહેવાનું કે પુણ્યવંત દાન કરી શકે છે. ધર્મ બુદ્ધિથી દાન કરી શકાય છે. મનુષ્યભવમાં પોતાની ફરજ છે કે જે લક્ષ્મી મળી હોય છે તે પૂર્વભવ કૃત પુણ્યોદયથી છે માટે આ ભવમાં પણ તેવી રીતે ધર્મની વૃદ્ધિમાં લક્ષ્મીનો ઉપયોગ કરવોજ જોઇએ. એ ન્યાય ધર્મનો છે. તેને કંજુસ મનુષ્ય તોડે છે તેથી તે અન્યાય કરે છે એમ કહેવામાં અન્યાય નથી. દુનિયાના અનેક પ્રાણીઓની પાસેથી અમુક અમુક વસ્તુ લેવામાં આવે છે તોજ કંજુસ મનુષ્યનું પ્રાણજીવન ટકી શકે છે. એમ જો કંજુ-સ મનુષ્ય વિચારે તો ખરેખર તે પોતાની ભૂલ સમજે અને દુનિયામાં ધ-ર્મની વૃદ્ધિ માટે સર્વ પ્રાણીઓને મદત કરી શકે અને ધર્મના રક્ષક મહા-ત્માઓની ભક્તિ કરી શકે. કંજુસાઇ કરવાથી કંજુસ પરભવમાં સાથે લક્ષ્મી લેઇ જતો નથી અને સુખ પણ ભોગવી શકતો નથી–

દાતાર મનુષ્ય જગતના કલ્યાણ માટે લક્ષ્મીનો સદુપયોગ કરીને પોતાના આત્માની ઉચ્ચ દશા કરે છે. પોતાના કુંટુબાદિ આદિના ઉપભોગ કરતાં વિશેષ લક્ષ્મી હોય તો અવસ્ય તેનો સુપાત્રમાં વ્યય કરી દેવો. જરા માત્ર પણ વાર કરવી યોગ્ય નથી. જૈન શાસ્ત્રોમાં પરિગ્રહ પરિમાણુ વ્રત કથવામાં આવ્યું છે અને તે ખરેખર કેવલ જ્ઞાનથી બતાવવામાં આવ્યું છે તે સત્ય કરે છે. પોતાના મનમાં ધારેલા પરિગ્રહથી આજીવિકા ચલાવવી કે જેથી અન્ય પરિગ્રહ માટે મૂર્છા થાય નહીં અને તેમજ અન્યોના ઉપ-યોગમાં પણ આવે અને તેથીપોતાના મનમાં સંતોષ રહે અને અન્ય પરિ-ગ્રહ ઉપાર્જનનો દોષ પણ લાગે નહીં અને પોતાની પાસે પરિગ્રહ કરતાં વિશેષ લક્ષ્મી થાય તો સુપાત્રમાં તેનો સદુપયોગ થઇ શકે ઇત્યાદિ અનેક પરોપકારની ખુબીઓને લેઇ પરિગ્રહ પરિમાણ વ્રત સ્થાપન કરવામાં આવ્યું છે. લક્ષ્મીનો સદુપયોગ કરનારે વિવેક દૃષ્ટિને ધારણ કરવી જોઇએ. જેમાં વિશેષ લાભ થાય છે. નામ અને કીર્તિની લાલસાથી લક્ષ્મીનો જેઓ વ્યય કરે છે તેઓ યથાર્થ લાભને પ્રાપ્ત કરી શકતા નથી તેમજ જેઓ ઉ. પકાર લેવાની બુદ્ધિથી લક્ષ્મીનો વ્યય કરે છે તેવા મનુષ્યો મધ્યમ ફલને પ્રાપ્ત કરી શકે છે. જેઓ પ્રતિફલની ઇચ્છા વિના પોતાની વિવેક દૃષ્ટિથી લક્ષ્મીનો સદુપયોગ કરે છે તેઓ ઉત્તમ ફળ પ્રાપ્ત કરી શકે છે—મનુષ્યો જો વિચારે તો લક્ષ્મીનો સદુપયોગ કર્યા વિના રહે નહિ.

જેઓ લક્ષ્મીના અભિમાનમાં ભ્રાન્ત થએલા છે તેઓ જાતિવડે ભલે મનુષ્યો હોય પણ સદ્‌ગુણો વિના મનુષ્યની કોટીમાં ગણી શકાય નહીં. જે-ઓ અનેક પ્રકારના વૈભવોથી પોતાની કાયાને પોષે છે અને મોજશોખમાં લાખો રૂપૈયાનો ધુમાડો કરી દેછે તેઓ સ્વાર્થી છે અને તેઓ ઉચ્ચ મનુ-ષ્ય કોટીમાં પ્રવેશી શકતા નથી. અન્યોના આત્માઓને દુઃખી દેખી જેના આત્મામાં દયાની બુદ્ધિ પ્રગટતી નથી તેઓ નિર્દય અવતારોવાળા જાણવા. પોતાના આત્મા ને જેમ સુખ પ્રિય લાગે છે તેમ અન્યોના આત્માઓને પણ સુખ પ્રિય લાગે છે. અન્યોના આત્માઓને જે જે દુઃખો પડતાં હોય તેનું નિવારણ કરવા પોતાની લક્ષ્મીનો વ્યયન થાય તો તે લક્ષ્મી નથી પણ ધૂળ કરતાં પણ નકામી છે. સાધુ—સાધ્વી આદિ સુક્ષેત્રોમાં લક્ષ્મીનો સદુપ-યોગ કરતાં જગતમાં ધર્મનો ફેલાવો થાય છે, અને પોતાને પુણ્યની પ્રાપ્તિ થાય છે. લક્ષ્મીનો તત્ત્વજ્ઞાનના ફેલાવામાં સદુપયોગ કરવાથી અનેક પ્રકારના ફાયદા થાય છે અને અજ્ઞોને પણ સુજ્ઞો કરી શકાય છે.

# श्रीमद् "यशोविजयजी" अष्टक.

( સંગ્રહ કરનાર—મણીલાલ મોહનલાલ વકીલ. પાદરા )

## હરીગીત છંદ.

રહી કાશીદ્વારે, વર્ષ બારે, સર્વ વિદ્યા શીખીયા,
વિદ્યા બતાવણ જેહ બ્રાહ્મણ, પ્રાજ્ઞ તેણે પેખીયા;
નીજ પુત્રીને પરણાવવા, ઇચ્છા કરી ધરિ હામને,
પણ લેશ મનમાં નહી ધર્યું, બલિહારી તે "જશ" નામને. ૧
જીતી સભાઓ આઠ મોટી, રાજ્યની પણ એકમાં,
બહુ વિજય પામ્યા, નૃપે નિમ્યા, ન્યાયના વર શ્રેષ્ટમાં;
"યશ વિજય" બંસી, અન્ય વંશી, શુણી ચુકયા ભાનને,
જઉં વારી, વાર હજાર, તે નિર્ગંથ "જશ" ના નામને. ૨
વ્યાખ્યાન વાણી, સરસ જાણી, પાત્ર જાણી જીન જને,
દીધી વળી વાચક તણી પદવી સુસંઘે જેહને;
સુક્ષમ્ પણે સ્હમજાવતા, જે દ્રવ્ય, ગુણ, પર્યાયને,
જઉં વારી વાર હજાર હું "યશ વિજય" કેરા નામને. ૩
પ્રતિમા નિષેધક, દિષી અંબર, કરી કંબર ખંડીયા,
વળી મિત્ર ભાવે, ધર્મ દાવે, બોધ પણ દેતા ગયા;
કથીને અતિ દર્શન તણી કરણી ઉદ્દેશી શામને,
જઉં વારી વાર હજાર, કોટી, લક્ષધા "જશ" નામને. ૪
દ્રવ્ય–ગુણ–પર્યાયનો, અદ્દભૂત રાસ બનાવીયો,
જે સરસ રીતે, સમજ સંચા, સદ્ય ખોલન ચાવીયો;
સાથે લઇ ચાલ્યા ગયા, નહી મળે માપે દામને,
જઉંવારી, વાર હજાર તે નીર્ગંથ "જશ"ના નામને. ૫
શત એક દશ, ગ્રંથો કર્યા, તત્વો ભર્યા, જે હાલ છે,
ઉપકાર તે કરનાર, પણ તુજ વિરહ મોટો કાળ છે;
સ્વર્ગે સિધાવ્યા છેહ દઇ, જૈની વધારી મામને,
જઉં વારી વાર હજાર એ નીર્ગંથ "જશ"તુજ નામને. ૬

બહુ શ્રુતિ આગર, જ્ઞાનસાગર, અનુભવે અમૃત ખરો,
રસીયો બન્યો સમકીતનો, રસીયા કર્યા જૈની જનો;
મીથ્યા મતિ, પ્રતિબોધીયા, ધરી હસ્ત ન્યાય લગામને,
જઉંવારીવાર હજાર તે નિર્ગંથ "જશ" ના નામને. ભ
થઈ કિર્તી જેની, અચળ ફેલી, દશ દિશે વેલી બની,
આ જગ વિષે જે "જશ" હતા તેવા ફરી મળવા નથી;
જૈની જનો ગયાં જીવન, "જશ" જતાંજ તમામને,
જઉંવારીવાર હજાર એ, "મણિ" મય સુ"યશ"ના નામને,૮

દોહરો.

મણિમય અષ્ટક "યશ" તણું, નિત્ય પઢો સુખકાર
લાભલહો શીવ સુખતણો, લક્ષ્મિ, જ્ઞાનભંડાર

પાદરાકર—ૐ શ્રી ગુરુ.

---

## श्रीमद् विजयानंद (आत्मारामजी) अष्टक.

કાફી.

( સંગ્રહ કરનાર—મણીલાલ મોહનલાલ વકીલ, પાદરા. )

રે ! શીદ સુરમાં ગયો તું, ઉજવળ કિર્તી વધારી,
ડુબતા તાર્યા કઈક જનોને, નિન્હવથીય ઉગારી,
ચર્ચા રાહુનો ઉદય ઉવેખી, અનહદ શમતા ધારી. રે શીદ૦ ૧
ગાંધીને તાત્વીક ગંધીયાણું, આપી થયો ઉપકારી,
નવીન નિન્હવથી રહી પરાઙમુખ તત્વ બતાવ્યું તારી.રે શીદ૦૨
સમ્મતિ તર્કથી સારજ લીધો, તત્વ અરીસે ઉતારી,
ચાલ્યો ગયો સાથે લઇ ચાવી, રોવરાવી નરનારી. રે શીદ૦ ૩
કૈં અગ્રેસર આંગ્લભૂમિના, હરખે નામ સંભારી,
ચીકાગો પ્રશ્નોત્તર આપી, યુરોપે કિર્તી વિસ્તારી. રે શીદ૦ ૪
જૈન ફીલોસોફર ! તુજ પાછળ, ગઇ બધી રીદ્ધી હમારી,
શું કરવું ? કયાં જઈને કહેવું, ખોટ ગઈ અતિ ભારી. રે શીદ૦ પ

જૈન બાળબાળાઓ માટે, જૈન નીસાળે સારી,
ઠામ ઠામ જે આજ થપાઇ, તે તુજને આભારી. રેસીદ૦ ૬
કોણ સમજાવશે નયભંગીના, અર્થમાં ભેદ ઉતારી,
નય ચીત્તર ના ઓ ચતુરાનન, શીદ થયો સુર અવતારી. રેસીદ૦ ૭
દયાનંદનો ગર્વ ઉતાર્યો, અજ્ઞાનતિમીર ઉતારી,
હિંસામય વેદોના ભેદો, દીધા દયાથી પોકારી. રેસીદ૦ ૮
રહ્યા હોત જો આજ સુધી તો; ઉજવળને અણુધારી,
જૈનધર્મની ઉન્નતિ થાતે, પણ થઈ ગઇ વાત થનારી. રેસીદ૦ ૯

ॐ શ્રી ગુરુ.

---

# साधु धर्म.

કામી શું ન કરે—રાગ.

( સંગ્રહ કરનાર—મણીલાલ મોહનલાલ. વકીલ. પાદરા. )

સમતામાંરે, સાધુ સ્હેજે રહે. ટેક.
કઠણ વચન કોઇ કહે કુકર્મી, પણ માને નહી એ મુજ ધર્મી
વપુનો ધર્મ લહે, સમતા. ૧
ભારંડ સરખા અતિ વિહારી, અર્હમ્ આણા શીરપર ધારી,
વિરતી ભાવે વહે, સમતા. ૨
સત્તર ભેદથી સંજમ પાળે, કષાય ઇંદ્રિ ધર્મ પ્રજાળે;
કથનો સત્ય કહે. સમતા. ૩
આત્મ જ્ઞાન ધારી નિર્ધારી, સહજ સ્વરૂપ નિજ આત્મ વિચારી.
તપથી કાયા દહે, સમતા. ૪
પરને પર જાણીને છાંડે, બાહ્ય ભાવ અંતર નવ આંણે;
સહજાનંદે વહે. સમતા. ૫
ચાર ગતિ ચારક સમજાણી, સુરનું સુખ પણ દુખ પ્રમાણી.
ચીતમાં મોક્ષ ચહે, સમતા. ૬

ॐ શ્રી ગુરુ.

શ્રીમદ્ બુદ્ધિસાગર ચરણોપાસક
મણિલાલ મોહનલાલ. વકીલ. પાદરાકર.

---

# शरीरनु नास्तित्व.

### રાગ. દરબારી કાનડો.

( સંગ્રહ કરનાર—મણીલાલ મોહનલાલ. વકીલ. પાદરા. )

શીદ શરીર ગણે તું ત્હારૂં,
નિર્મળ ચેતનથી છે ન્યારૂં. શીદ. ૧
સડણુ–પડણુ–વિધ્વંસ ધરમ જસ, અચળ નથી રહેનારૂં;
ભરમ થકી કાં ભૂલે ભોળા, મુકી જવું અણધાર્યું. શીદ. ૨
જેના સંગ થકી તું રઝળ્યો, અનુભવ કરી જો વારૂં;
ત્હારો ધર્મ થશે તું સાથે, એ છે અહીં રહેનારૂં. શીદ. ૩
મળમુત્ર દુર્ગંધીવાળું, લોહી માંસ ધરનારૂં,
પણ કિંચીત દિનના પરીચયથી, માની બેઠો મારૂં. શીદ. ૪
પાપ કરી તું પોષીશ પણ તે, અંતે દુખ દેનારૂં.
શ્રી સદ્ગુરૂજીની હીત શીક્ષા, સંભારે તો સારૂં. શીદ. ૫
સત્ય દેવ ગુરૂ ધર્મ મળ્યા છે, કાં ન ગણે તે પ્યારૂં.
તત્વ જ્ઞાનનો સાર સમજતાં, મુક્તિ પૂરિનું બારૂં.
શીદ શરીર ગણે તું ત્હારૂં. ૬

---

# नविन–वर्षाभिनंदन.

### શાર્દુલ.

જે દિવ્ય ધ્વની, દેવનાં મન હરે, રેલી રહી ગાનને,
વીણા પંચમનાદ, મત્ત મયુરે, બેસી કરે ગાનને,
કોઈલા કવિયો નમી ભમી રહ્યા, જે પામવા પાનને,
દેજે માતુ સરસ્વતિ "વરસ આ" એ અંજલી દાનને.

# બાળલગ્નનો બળાપો અને કજોડાંનો કેર ! !

લેખક. ( ગીરધર પાનાચંદ—મુંબાઈ. )

ગજલ.

અરે ઓજન ! વિચારો મન ! તમારૂં તન ! તપે તાપે,
ભલુ ચાહો ભવિષ્યનું જો, કજોડાં કાં કરો ભાઇ. ( ૧ )
હોયે નિજ બાળ બિચારાં, જનેતા નાજ ઊદરમાં,
સગાઇ ગાંઠથી ગાંઠે, કજોડાં કાં કરો ભાઇ. ( ૨ )
પ્રસવશે જો મને પુત્રી, દઇશ તુજ પુત્રની સાથે,
મચાવે જંગ[1] મહિલાઓ, કજોડાં કાં કરો ભાઇ. ( ૩ )
કદી કન્યા કરે[2] કુંઠી, કુંવરમાં ના મળે મીઠું,
ફજેતી ત્યાં પછી થાયે, કજોડાં કાં કરો ભાઇ. ( ૪ )
વધે સ્રી વાંસની પેઠે, રમેવર લઇ લખોટીને,
પડે વ્યભિચારના પંથે, કજોડાં કાં કરો ભાઇ, ( ૫ )
જનમ ભર જેહુની સંગે, સુખી રહેવાને સંસારે,
મળે ત્યાં પ્રેમ નહીં સુદલ, કજોડાં કાં કરો ભાઇ. ( ૬ )
લગનના બંધથી બાંધી, વળાવે છે વરષ ત્રીજે,
બને વિધવા અરે બાળા, કજોડાં કાં કરો ભાઈ, ( ૭ )
ચડે ફરિઆદ દરબારે, વસે ત્યાં વેર વ્હાલામાં,
ખરાબી કંઇકની થાએ, કજોડાં કાં કરો ભાઇ. ( ૮ )
વિચારો કંઇકિના જુના; નથી જોતા જમાનાને,
પછીથી અંતે પસ્તાયે, કજોડાં કાં કરો ભાઈ. ( ૯ )
હશે વ્યવહાર જ્યાં આવો, વસે વિદ્યા નહી લક્ષ્મી,
રૂદયના ચક્ષુને ખોલો; કજોડાં કાં કરો ભાઇ. ( ૧૦ )
કહે શું ધર્મ પોતાનો, વિચારો શાસ્ત્ર સિદ્ધાંતો,
કુધારા કૂપમાં નાંખી, સુધારા ના પડો પંથે. ( ૧૧ )

---

૧ તોફાન. ૨ હાથે.

સુચનાઃ—ઉપરના લેખકે આ પદ્યના રૂપમાં જે લખાણ કર્યું છે તે સ્વયંકલ્પનાથી કે ઉછીના વિચારો લેઇ કર્યું નથી પરંતુ પોતાની જાતે જે જોયું, અનુભવ્યું છે તેનેજ પદ્યના રૂપમાં જૈન સમાજના કલ્યાણ અર્થે પ્રગટ કર્યું છે. બંધુઓ ! આવું ધોળે દિને દેખતાં છતાં, વિદ્વાનોના મુખે સાંભળવા છતાં, બહીરમુખ કરી જે અજ્ઞાન અંધ માબાપો પોતાનાં છોકરાં છોકરીઓને કજોડાં કરી, તેમને દુઃખ રૂપી અંધકારના ખાડામાં ઉતારે છે. અરેરે ! ત્યાં શી વાત કહેવી ?

છોકરીને યાતો છોકરાને પરણાવવો તે તેમનો ભવિષ્યમાં સંસાર સુખદાયી નિકળવાને માટે છે પરંતુ પરણનારની અજ્ઞાન અવસ્થામાં માબાપો લાકડે માંકડું વળગાડી પોતાનાં અમુલ્ય નેત્ર સમાન વ્હાલાં છોકરાં છોકરીઓનાં જીવન નિર્માલ્ય કરી વ્હાલાં થઇ વૈરીની ગરજ સારે છે તે શું ઓછું લજ્જાસ્પદ છે ? અરેરે ! જ્યારે માબાપજ પોતાનાં પુત્ર પુત્રીઓના દુઃખના કારણ ભુત થઇ પડે ત્યારે તે બિચારાં પુત્ર પુત્રીઓ કોણે ત્યાં જઇ અર્જ કરે. એ તો છેવટે " ચોરની મા કોઠીમાં મોં ઘાલી રૂએ " એની પેઠે બિચારાંને સમજણાં થતાં મુગે મોંઢે સહન કર્યા વિના છુટકો થતોજ નથી.

મુસાફરી દરમીઆન જો એક મનુષ્યને પોતાના ગુણ સ્વભાવને મળતો બીજો પુરૂષ મળે તો તેની મુસાફરી આનંદમાં પસાર થાય છે કારણ કે કહેવતમાં પણ કહ્યું છે કે " એકથી બે ભલાં " તેવીજ રીતે આ સંસારના પ્રયાણ કાજેજ મનુષ્યને સ્ત્રીની જરૂર છે. હવે જો તે સ્ત્રી અને પુરૂષ મલતા ગુણ સ્વભાવના હોય છે તો જ તેમનો સંસાર સુખદાયી નિપજે છે નહીં તો પછી એક કહે " ઉત્તર અને એક કહે દક્ષિણ " આવી રીતનો જ્યાં સદાય સંબંધ ચાલતો હોય છે ત્યાં દંપતિઓ ( સ્ત્રી પુરૂષો ) ને સદા ચિંતામાં મગ્ન રહેવું પડે છે. પારો જેમ વિગુણ વસ્તુ પર ટકી શકતો નથી તેમ અરસપરસ ભિન્ન ચિત્તવાળાં દંપતિનો સંસાર કદી આનંદ પ્રદાતા હોતો નથી. રૂદય રૂદયની ઐક્યતા વિના મિત્રતાનો હેતુ સાધ્ય થતો નથી માટે હે આર્ય બંધુઓ ! તમારાં પુત્ર પુત્રીઓને તમો લગ્નની ગાંઠમાં જોડો તે અગાઉ તેમના ગુણ સ્વભાવને મળતાં અને યોગ્ય ઉમ્મરનાં જોડાં કરવાનો વિચાર કરો કે જેથી તેમનું જીવન સારી રીતે તેઓ પસાર કરી શકે અને છેવટે પસ્તાવાનો વખત આવે નહિ; તથાસ્તુ. ॐ શ્રી ગુરુ

# विचारनुं प्राबल्य

એક વિચારમાં કેટલું બળ રહેલું છે તે ઘણુાજ થોડા લોકો જાણે છે. તેઓ સમાન્યતા એમ માને છે કે–એક વિચાર થઇ ગયા પછી તેની જરા પણ અસર મન, કે શરીર ઉપર રહેતી નથી. એક વિચાર થયો, ગયો અને પછવાડે કંઇ રહ્યું નહિ. પરંતુ એક સંકલ્પ એક વિચાર મનઉપર કેટલી બધી અસર કરે છે અને તે અસર માણુસના શરીરની સ્થિતિ કેટલે દરજ્જે ચડાવે છે અને ઉતારે છે, તે વિષે આ સ્થળે થોડુંક વિવેચન કરવામાં આવશે. જેવી રીતે આહારવડે સ્થૂળ શરીરનું પોષણુ થાય છે, તેવી રીતે યોગ્ય યોગ્ય વિચારો વડે મનનું પોષણુ થાય છે. યોગ્ય વિચારો વડે મનનું યોગ્ય પોષણુ થાય છે અને અયોગ્ય વિચારોવડે મનનું અયોગ્ય પોષણુ થાય છે.

**सर्पाः पिबन्ति पवनं न तु दुर्बलास्ते ॥**

સર્પો માત્ર વાયુનોજ આહાર કરીને પોતાના સ્થૂળ શરીરનું પોષણુ કરે છે અને જરાપણુ દૂર્બળ દેખાતા નથી. વાયુ સ્થૂળ દષ્ટિથી દેખાતો નથી તેમજ તે ઘનસ્વભાવી નથી, છતાં પણુ સર્પના શરીરમાં પ્રવેશ કરીને તે ઘનરૂપને પામે છે, તેવીજ રીતે એક વિચાર, જો કે તે સ્થૂળ દષ્ટિથી દેખી શકાતા નથી તોપણુ તે હમેશાં આપણા શરીરમાં ઘનભાવને પામે છે એટલે કે આપણા શરીરમાં જ્યારે તે ઉદ્‌ભવે છે, જ્યારે આપણે અમુક અમુક વિચારો શેવીએ છીએ, ત્યારે ત્યારે તે વિચારો આપણા મનમાં અમુક અમુક જાતનું રૂપ ધરીને રહે છે. આજ સુધીમાં આપણે જે જે વિચારો સેવ્યા છે, તે તે વિચારો આપણામાં સંસ્કારભાવને પામી રહ્યા છે અને ભવીષ્યમાં જે જે વિચારો સેવીશું તે તે વિચારો દઢભાવને પામશે.

વિચારો બે જાતના હોય છે. કેટલાક વિચારો એવા હોય છે કે તેઓ આપણામાં ખરાબરૂપ ધારણુ કરે છે અને કેટલાક વિચારો એવા હોય છે કે તેઓ સારૂરૂપ ધારણુ કરે છે. જે ખરાબરૂપ ધારણુ કરે છે તે મનને ખરાબ બનાવી મૂકે છે અને જે સારૂરૂપ ધારણુ કરે છે તે મનને ચૈતન્યમય, સ્ફુર્ત્તિમય કરે છે. ભય, ચિન્તા, શોક, કપટ, અસ્તેય વગેરેના વિચારો મનને દુઃખમય કરે છે અને આનંદ, ઉત્સાહ દયા, પરોપકાર વગેરેના વિચારો મનને ચૈતન્યમય રાખે છે. ખરાબ વિચારો શરીર માંહેની નસોમાં વહેતા રૂધિરના પ્રવાહની ગતિને મંદ કરી નાંખે છે અને તેથી શરીરનું આરોગ્ય સચવાઇ રહેતું નથી. ખાધેલો ખોરાક પચવાનું પ્રમાણુ મુખ્યત્વે કરીને લો-

હીની મંદ અથવા ઉતાવળી ગતિનેજ અનુસરે છે. લોહી મંદ ગતિમાં વહેતું હોય છે તો ખાધેલો ખોરાક બરોબર પચી શકતો નથી અને મળવિભાગ દિન પ્રતિદિન શરીરમાં વધતોજ જાય છે. શરીરમાં જે જે રોગોની ઉત્પત્તિ થાય છે, તેનું મુખ્ય કારણ મળજ છે. એક પણ રોગ ભાગ્યેજ એવો હશે કે જેનો ઉદ્‌ભવ શરીરના કચરામાંથી, મળમાંથી થયો નહિ હોય. આમ બારીક રીતે અવલોકન કરતાં માલમ પડે છે કે અયોગ્ય વિચારો શરીરની નિરોગતા સાચવી શકતા નથી. અશુભ વિચારો વડે જ્યારે પાચનક્રિયામંદ પડી જાય છે ત્યારે શરીરનું પોષણ પૂરેપૂરા પ્રમાણમાં થતું નથી અને તેથી તે દિવસે દિવસે દુર્બળ થતું જાય છે અને મનના દુઃખથી પીડાતા ( પણ ખાધાપીધામાં સંપૂર્ણ સુખી ) માણસો દુર્બળ દેખાય છે તેનું કારણ એજ સિદ્ધ થાય છે કે ચિન્તાના અશુભ વિચારોથી રૂધિર, પ્રવાહ મંદ પડી જાય છે અને પરિણામે પોષણ ઓછું થતું હોવાથી જઠર અને શરીર નબળાં પડી જાય છે.

આનંદ, ઉત્સાહ, દયા વગેરેના ચૈતન્યમય વિચારો શરીરને સ્ફુર્તિવાળું રાખે છે, તેનું કારણ પણ એજ છે કે તેવા વિચારોથી લોહીની ગતિ હમેશાં ઉતાવળીજ રહે છે અને તેથી ખાધેલો ખોરાક પૂર્ણ રીતે પચીને મળ યોગ્ય પ્રમાણમાં ઇંદ્રીયો વાટે બહાર નીકળી જાય છે. જગતમાં સૌથી સુખી એક બાળક ગણાય છે. તેનામાં હમેશાં આનંદના નિર્દોષ વિચારો રમણ કરી રહ્યા હોય છે આવા વિચારો ચૈતન્યમય હોવાથી તેનું શરીર રોગમય થતું અટકે છે તેને ચિન્તા અને ભયમાં નાંખવાના અનેક પ્રસંગો બાળ સંસારમાં આવે છે. પારણામાં સૂતાં સૂતાં રોતા બાળકને 'બાવા' નો કે ' બિલ્લી ' નો ભય બતાવવામાં આવે છે " બેવકૂફ ! અભ્યાસ કર નહિંતો ભણ્યા વિના ભવિષ્યમાં ભીખ માગીશ " એવા ઠપકા આપીને તેને ભવિષ્યની ચિન્તામાં નાંખવાના ઘણા પ્રયાસો સ્વાભાવિક રીતેજ થાય છે; તોપણ બાળકોનાં શરીર હમેશાં તેજસ્વી રહે છે અને મોટે ભાગે નિરોગી ભાસે છે; આનું કારણ એજ છે કે જોકે આટલાં આટલાં ભયકારક અને ચિન્તાકારક પ્રસંગો આવે છે, તોપણ તેને તે એક પળથી વધારે વાર ન અનુકારતાં તરતજ પોતાના રમત–ગમતના આનંદમાં પડે છે અને ભય તથા ચિન્તાના વિચારોને તરતજ વિસરી જાય છે. એક અભ્યાસ કરતો છોકરો પહેલાંના કરતાં દુબળો થઇ ગએલો માલમ પડે છે તેનું કારણ એજ છે કે તેના હૃદયમાં અભ્યાસની નવી ચિન્તાઓ, શિક્ષકના માર–ઠપકાની બીક ક્ષણીક

નહિ પણ જાથુનો નિવાસ કરીને રહેલી હોય છે. જેમ જેમ તે સમજણો થતો જાય છે, તેમ તેમ તેનામાં ભય, ચિન્તા, કપટ, લોભ વગેરેના શરીરને રોગી કરનારા વિચારો વૃદ્ધિ પામતા જાય છે અને બચપણમાં તેનું શરીર દિન પ્રતિદિન જેવું તેજસ્વી થતું જતું હોય તેવું ન થતાં ઉલટું ફીકું પડતું જાય છે, કારણ કે ભૂતકાળના દુઃખોને તે રડે છે અને ભવિષ્યની ચિન્તા અને લોભ તેનામાં ઘર કરીને રહેલાં હોય છે. એક બાળક વર્તમાનકાળનો તેને મળતો આનંદ ભોગવી સુખ માને છે, જ્યારે એક ઉમરલાયક માણસ પોતાને હાલમાં મળતો આનંદ ભૂતકાળનાં રોદણાંમાં અને ભવિષ્યકાળની ચિન્તા તથા લોભમાં ગુમાવી બેસે છે? વિવાહ જેવા શુભ પ્રસંગમાં પણ " અરે! ફલાણો માણસ આવ્યો નથી અત્યારે તે હોત તો કેવું સારૂં? વગેરે કહી લમણે હાથ મૂકી ફોગટ ચિન્તા કરવા બેસે છે? ખરૂં કહીએ તો માત્ર ખોટો વિવેક બતાવવાની ખાતર આપણામાં આવી ઘણી નુકશાનકારક રૂઢીઓ ભરાઇ બેઠી છે અને તેથીજ આપણે અને આપણી પ્રજા દિન પ્રતિદિન નબળી થતી જતી માલમ પડે છે.

ચિન્તા, ભય, લોભ અને કપટ જેવા અશુભ વિચારોમાં ફસેલ પુરૂષો પાંત્રીશ વરસ જેટલી ભર યુવાવસ્થામાં વૃદ્ધાવસ્થાને પામે છે; એવું ઘણીવાર આપણી નજરે પડે છે. એટલી પાકી ઉમ્મરમાં તેઓનાં ડાચાં મળી ગએલાં હોય છે. મ્હોં ફીકું પડી ગએલું હોય છે અને દાઢી, માથાપર પળીયાં ફુટી નીકળ્યાં હોય છે!

આ ઉપરથી એટલો સાર નીકળે છે કે એક આનંદી અને ચિન્તા વિનાનો માણસ હમેશાં શરીરે નિરોગી રહે છે અને તેથી ધર્મ તથા વ્યવહાર સારી રીતે ચલાવી શકવાને યોગ્ય શક્તિવાળો રહે છે. કદાચ એ પ્રશ્ન થવાનો સંભવ રહે છે કે એક લોભી, કપટી અને એવા બીજા દુર્ગુણોવાળો માણસ જો પોતાના દુર્ગુણો સેવવામાં આનંદ માને, તો તે નિરોગી રહી શકે નહિ? ઉત્તર એજ છે કે આવી બાબતમાં જમા કરતાં ઉધાર પાસુ હમેશાં મોટુંજ થતું જાય છે? તેમના આનંદના સ્વલ્પ વિચારો ઉપર દુર્ગુણોના વિશેષ અશુભ વિચારો ચઢી બેસે છે અને તેથી તેમના મન ઉપર કે શરીર ઉપર તે આનંદની—કૃત્રિમ આનંદની જરા પણ સારી અસર રહી શકતી નથી.

જ્યારે આમ છે ત્યારે બીજી બાજુએ આપણામાં કેવી આશ્ચર્યકારક રૂઢી ચાલી રહી છે તેનો આપણે વિચાર કરીએ. કોઇ આનંદસ્થાનમાં કે આનંદ

પ્રસંગે કે ધર્મસ્થાનકમાં ધર્મ પ્રસગે ભૂતકાળનાં દુઃખોને સંભારીને જેઓ રડે છે તેઓજ આપણામાં ડાહ્યા ગણાય છે, તેઓજ વિશેષ સમજણવાળા અને આગળ પાછળનો વિચાર કરનારા ગણાય છે.

છેવટનો સ્પષ્ટ આશય એજ છે કે સારા કે ખરાબ નીતિના કે અનીતિના, ચિન્તાના કે હર્ષના વિચારો આપણા મન અને શરીર ઉપર પોતાની યોગ્યતા પ્રમાણે સારી કે ખરાબ અસર કરે છે. વિચારનું બળ તે વખતે તો આપણને કાંઇ જણાતું નથી પરંતુ પાછળથી તે ફળને દર્શાવે છે. ભય, શોક, ચિન્તા, લોભ, કપટ જેવા અશુભ વિચારો હંમેશાં ખરાબજ અસર કરે છે અને નીતિના શાંત, ચિન્તા રહીત વિચારો હંમેશાં સારી અસર કરે છે. પોતાનાં જે સદાચરણથી માણસો જગતમાં કીર્તિ સંપાદન કરે છે, તે પોતાની શુભ શુદ્ધિ વિચારશક્તિને લીધેજ ઉદ્દભવેલાં હોય છે.

---

# दयानुं दान के देवकुमार.

( ગતાંકથી ચાલુ. )

" અમસ્થી સહેજ વાત એતો. " દેવકુમારે કહ્યું.

" હવે અમારી આગળ શીદ છુપાવો છો. આજ નહિ ખબર પડે તો બે દિવસ પછી પડશે, પણ કાંઇ પડ્યા વગર રહેવાની છે ?" જયમાલાએ કહ્યું.

" દેવી ! ત્હમારી સમીપ ક્યારે વાત છુપવી છે ? યાદ છે કોઇ પ્રસંગ એવો. "

" નાજી ! પ્રસંગ આ જ બન્યો પહેલવહેલો. "

" અમુક સંયોગોને લઇને તે વાત હાલ તાત્કાલિક ગુપ્ત રાખવા જેવી છે. " દેવકુમારે કથામહત્ત્વ બતાવ્યું.

" દેવ ! આપના હૃદયમાં કદાચ એમ હશે કે હું ધર્મપત્ની તરીકે પવિત્ર ફરજ બજાવવાને અયોગ્ય છું, અથવા તો હું એ ફરજ અદા કરતાં ક્વચિત કૃતઘ્ન નીકળું ને જો તેવુંજ આપના અંતઃકરણમાં હોય તોજ મ્હારા આગ્રહ છતાં મને વાત નહિ કહેવી એ વધારે યોગ્ય ને સુરક્ષિત ભર્યું છે. " જયમાલા નમ્ર ભાવે બોલી.

" **शांतम् पापम्.** " દેવકુમારે કહ્યું.

"જો એમજ છે તો આપના પ્રત્યેક કાર્યમાં, ફલમાં, વિચારમાં ને વ્યવહારમાં મ્હારો હીસ્સો છે. જે ફરમાન ધર્મશાસ્ત્રનું પણ છે. પછી ગમે તો તેથી મને સુખ થાય કે દુઃખ થાય." જયમાલાએ સિદ્ધાંત સ્થાપન કર્યો.

"આ સાહેબ ! પણ વાતો વાતોમાં ફેર હોય છે ને ?" મખજીએ વચ્ચે પત્થરો ગબડાવ્યો.

"તને પૂછીએ ત્યારે ઉત્તર દેજે." જયમાલા ક્રોધ કરી બોલી.

"માફ કરો બાસાહેબ." મખજીએ માફી માગી.

"જે વાતથી મારા અંતઃકરણને ઉદ્વેગ ને દુઃખ થાય છે તેજ વાત કહી હું તારા અંતઃકરણને દુભવવા ઇચ્છતો નથી." દેવકુમાર દયાભાવે બોલ્યો.

"આપને ઉદ્વેગ તે મને, આપને દુઃખ તે મને; આપને હાની, પ્રતિરોધ કે જોખમ તેજ મને. શરીરના અમુક ભાગને દુઃખ તે આખા શરીરને ખમવું પડે." જયમાલાએ કહ્યું.

"દેવી ! તમે જેવું ધારો છો એવું આ કાર્ય નથી."

"ગમે તેવું કઠિન હોય પણ કહેવું એ આપનું કર્તવ્ય છે."

( જયમાલાના અત્યાગ્રહથી કુમારે અથ ઇતિ કહ્યું. )

"આમાં માત્ર મખજીના કહેવા પરજ આધાર રાખી કાર્ય કરવું તેના કરતાં વડીલ માતુશ્રીની તથા પ્રિયમિત્ર પ્રિયકુમારની સલાહ લેવી એ વધારે યોગ્ય છે. તેઓ કદાચ આ કરતાં વધારે સરલ માર્ગ પણ બતાવી શકે ?" જયમાલાએ કહ્યું.

"એમ કરવાથી વાત ફેલાય ને ધારણા બર ન આવે. પણ ત્હારી શી સલાહ છે કહે જોઇએ." દેવકુમારે પૂછ્યું.

( મખજી સમયસૂચકતા વાપરી ક્ષણવાર બહાર ગયો. )

"મને તો આ એક તર્કટજ લાગે છે. જે મખજીને આપ પોતાનો ધારો છો તેજ આપનો દુશ્મન છે," જયમાલાએ વિચારપૂર્વક ઉત્તર આપ્યો.

"મંત્રસાધના કરવા મખજીને જવાનું છે. એટલે તેમાં કંઇ મને હાની નથી."

"તે ભલે; પણ માનો ન માનો આમાં કોઇ પણ પ્રકારનો ગુપ્ત ભેદ કે તર્કટ છે. માટે મારા વિચાર પ્રમાણે આ વાતને ગુપ્ત રાખ્યા કરતાં પ્રસિદ્ધ કરવી એ વધારે સારૂં છે. છતાંય જો આપને શઙ્કા પડતી હોય તો માતુશ્રીની તથા પ્રિયકુમારની સલાહ લ્યો." જયમાલાએ માર્ગ દર્શાવ્યો.

" અગર જો હારૂં કહેવું કદાચ અસત્યથી દૂર હશે પરન્તુ મને તો મખજીના કહેવામાં વધારે સત્યતા લાગે છે. રાજદરબારમાં આવા બનાવો બને એ સંભવિત છે. " દેવકુમાર શઙ્કારહિત બોલ્યો.

" આપને વધારે શું કહું પણ લક્ષ્યમાં રાખવાજેવું છે કે આ કાર્ય-પ્રપંચમાં સ્વરૂપાદેવીનો ઇરાદો પોતાના પુત્રને રાજ્ય આપી આપણને દુઃખ દઇ હેરાન કરવા, એ સિવાય બીજો કાંઇ નથી. જેમાં આ મખજીનો આગે-વાની ભર્યો ભાગ છે. "

" દેવી ! તું ગાંડી છે. આપણને અહિંયાં રહ્યાં કોણ હેરાન કરનાર છે?"

" આપને અહિંયાં રાખી ચોરે, ચૌટે ને ચકલે વગોવરાવવા ને તિર-સ્કારપાત્ર બનાવવા એજ મખજી ને સ્વરૂપાની ખૂબી છે. વળી પુનઃ કહું છું કે આ વાત પ્રસિદ્ધ કરવામાં વિશેષ લાભ છે. દોષિત હશે એ તુર્ત બ-હાર પડી જશે. પૂજ્ય પિતાશ્રી ન્યાયથી નહિ ચળે. " જયમાલા બોલી.

" વળી આમાં આપણે કોઇને દુઃખ દેવાની ઇચ્છા નથી પણ દુઃખમાં-થી મુક્ત થવાની ઇચ્છા છે. " દેવકુમારે કહ્યું.

" જો આપની એમજ ઇચ્છા છે તો ભલે; પણ માતુશ્રી ને પ્રિયકુમા-રને પૂછ્યું હોત તો વધારે લાભ હતો. "

( એટલામાં મખજી આવ્યો. )

" બા સાહેબ, પૂછવું એ ઘણું જરૂરનું છે, પણ તેમાં આપણે નિષ્ફ-ળ નીવડીએ, એટલુંજ નહિ પણ તે દરમિયાન કુંવર સાહેબનો જીવ જોખ-મમાં આવી જાય " પણ માતુશ્રીને પુછવામાંથી હરકત છે ?" જયમાલા-એ પૂછ્યું.

" બાશ્રી વિશેષ શું કહું. ખુદ માતુશ્રીના ખાસદારો પણ ગુપ્ત રીતે સ્વરૂપાના પક્ષમાં છે તો આગળ શું કહેવું. આ નિશ્ચય સમજજો કે આ સેવકનું માથું એ કુંવર સાહેબની અસિ નીચે છે. " મખજીએ આધી-નતા દર્શાવી.

" મખજી ! પણ ખાત્રીપૂર્વક સમજજે કે દેવીના કહેવા પ્રમાણે જો આમાં કંઇ દગો—ફટકો હશે તો તું દુનીઆમાં હતો નહતો થઇ જશે. " કુમારે બીક બતાવી.

" બાપા ! કંઇ પાપનો ઘડો ફૂટ્યા વગર રહેશે. પણ કૃપાનાથ ! જો જો આ વાત બહાર પડે નહિ. નહિતો પિતાશ્રી મારો ઘાણ કહાડી નાંખ-શે. " મખજીએ કહ્યું.

" ફીકર નહિ પણ ખબરદાર ! કામ બરાબર સાધજે. " દેવકુમારે ભલામણ કરી.

" કાંતો દેહ પડશે કે કાર્ય સધાશે. એમાંથી એક વાત થશે. " મખ-જી એ હિંમત બતાવી.

---

## પ્રકરણ ૪ થું.

### જનાનામાં મખજી.

*　　　*　　　*

આ ધક્કથી બોલો કયો ? નરને ગુલામ બનાવશે.

**　　　**　　　**

" મખજી રાજ ! બા સાહેબની એવી ઇચ્છા છે કે તમોને નજરો નજર મળવું. " નવેલિકાએ કહ્યું.

" એમ હોય તો ભલે પણ ત્યાં શી રીતે જવાય ? જનાનામાં શું પુરૂષને દાખલ કરવાનો રિવાજ છે ?" મખજીએ પૂછ્યું.

" પુરૂષને દાખલ કરવાનો રિવાજ નથી, પણ સ્ત્રી રૂપે પુરૂષને દાખલ કરવાનો રિવાજ છે. " નવેલિકાએ કહ્યું.

" અર્ ર્ ર્ એ શું ? એ કાંઇ મારાથી બને ?"

" ન બને તો આ દાસીના—મારા—પ્રેમની ખાતર પણ બનાવવુંજ પડ-શે એમાં છુટકો નથી. " નવેલિકા બોલી.

" વાહ, દિલદાર વાહ ! ત્હારા ખાતર—ત્હારા પ્રેમને ખાતર હું હરકંઇ કરીશ. " મખજી બોલ્યો.

" જો ત્યારે એમજ હોય તો વસ્ત્ર તૈયાર છે. પહેરી લેવાં યોગ્ય છે. સાંજ છે એટલે પૂછપરછ પણ ઓછી થશે. " દાસી બોલી.

" પ્રેમ ! તારો પ્રત્યેક શબ્દ મધુરત્વ આપે છે. બોલ—લાવ—ક્યાં છે વસ્ત્ર. લટકુડી નથી એટલીવાર પહેરીને ચાલવા માંડીએ. " મખજીએ કહ્યું.

" લ્યોજી આ રહ્યાં. " એમ કહી નવેલીકાએ વસ્ત્રો આપ્યાં. નીચ—દુ-ષ્ટ—ક્ષણભંગુર પ્રેમની ખાતર, પાપવાસનાની તૃપ્તિ ખાતર, દ્રવ્યની નીચ લાલસા ખાતર, અમૂલ્ય માનવ દેહને પાપપુંજથી ભરવાખાતર, ને મહા નરકને ભોગ-વવા ખાતર મખજીએ નીચ નવેલિકાને આધીન થઇ સ્ત્રીનાં વસ્ત્ર પહેર્યાં ને સ્વરૂપા દેવી પાસે જવા તૈયાર થયો.

વાચક ! એમ ન ભુલાવામાં પડવું કે નવેલિકાની આંખો એક મખજીનેજ જોતી હતી. તેણે તો મખજી જેવા ઘણા જોયા હતા ને જોવાનો વિચાર પણ રાખતી હતી. જેમ જેમ આગળ વધારો તેમ તેમ નવેલીબાઇનો પરિચય વધતો જશે.

" કેમ હવે બસ. કંઇ બાકી છે." મખજીએ પૂછ્યું.

" નહિ, પાર. લુગડાં તો બરાબર પહેરતાં આવડે છે." નવેલિકા બોલી.

" લે હવે મશ્કરી મૂક. ત્યાં જઇને શું કહેવું !" મખજીએ પૂછ્યું.

" તમારે જે કહેવાનું હતું તે તો મેં કહ્યું છે. હવે ત્યાં જે વાતચીત થઇ હોય તે કહેવી." નવેલિકાએ કહ્યું.

એટલામાં એકાએક ખડકી ઉઘડી. સ્ત્રી વેશધારી મખજી ગભરાણો. જોત જોતામાં લટકુડી નજીક આવી બોલી " આ શા ઢોંગ આદર્યા છે ?" નવેલિકા ખડખડ હસવા લાગી. મખજીને શું કરવું તે સુઝયું નહિ.

" લટકુડી બહેન ! શાંત થાઓ. સ્વાર્થ વગર કોઇ આમ કરતું હશે જનાનામાં જવું છે માટે આમ કરવાની જરૂર પડી છે." નવેલિકાએ ખુલાસો કર્યો.

" ભલે, પણ આમ કંઈ ભાયડાથી ન જવાય ? જો એમ હોય તો હું આવું."

" ના બહેન, એમનુંજ કામ છે."

" પણ આ કિમતિ લુગડાં કયાંથી ?" લટકુડીએ પૂછ્યું.

" એ તો ત્યાંથી બા સાહેબે મોકલ્યાં છે જે પછી તમારાજ ખપનાં છે." નવેલિકાએ ઉત્તર આપ્યો.

( લ્યો ચાલો. ) મખજી નીચે મોંએ ચાલ્યો.

" એ નવેલિકા બ્હેન ! તમારા ભાઇને ઘર સુધી પાછાં મૂકી જજો નહિતો કોઇક ઉપાડી જશે." લટકુડી મશ્કરીયુક્ત બોલી.

\+ \+ \+ \+

મખજીને જોતાંજ સ્વરૂપા ખડખડ હસી પડી.

" બા સાહેબ, આ હસવાનો સમય નથી મખજીને પૂછવું હોય તે પૂછી લ્યો."

" કેમ મખજી કામ તો ફતેહને."

" જી હા, પણ દેવકુમારે સ્મશાનમાં આવવાની ના કહી, તેથી મારે પોતાને એમનાં વસ્ત્રો પહેરી જવું પડશે." મખજીએ કહ્યું.

" એ ઠીક પણ દેવકુમાર હોત તો ઠીક પડત. કે કદાચ ન કરે નારાયણને રાજાજીને ક્રોધ ચડે તો એનું કાટલું નીકળી જાય ને તું છુટો થઇ જાય." સ્વરૂપાએ કહ્યું.

" હવે તો જે થયું તે ખરૂં." મખજીએ કહ્યું.

" એમાં કંઇ ફીકર નહિ પણ તેં સાથે કોઇ સાગરીત લીધો હોત તો ઠીક હતું." સ્વરૂપાએ કહ્યું.

" ના ના, એમ હું તદ્દન બાયલો નથી થયો."

" ના, એમ કહેવામાં એક બીજું કારણ છે. માટે આ મારી સલાહ માનવી યોગ્ય છે." સ્વરૂપા દેવીએ કહ્યું.

" હાજી, એ ખરી વાત, પણ આમાંથી કદાચ મારા જીવને હાની પહોંચે ને રાજા સાહેબ ક્રોધે ભરાય તેનું કેમ ?" મખજીએ ખુલાસો માગ્યો.

" તેની તારે ફીકર નહિ. કદાચ તુરતને માટે તને નુકસાન થશે પણ થોડા વખત પછી તુરતજ બચાવી લઇશું ને તને તે નુકસાન કરતાં ચાર ગણો ફાયદો કરી આપીશું." સ્વરૂપાએ હિંમત આપી.

" બસ, મારે એટલુંજ જોઇએ છીએ.

" મખજી ! તારે જે કંઇ વસ્તુ જોઇએ, દ્રવ્ય જોઇએ, કે હર કોઇ પ્રકારની સાહાય્ય જોઇએ તે મારી પાસેથી માગી લેવી. દુઃખી ન થવું. તેમ લગાર પણ શરમાવું નહિ." સ્વરૂપા વ્યવહાર દર્શાવી બોલી.

" બા શ્રી હું તો સ્મશાનમાં જઈ મારી ફરજ બજાવી આવીશ પણ જ્યાં સુધી જયમાલા ને પ્રેમકુમારને આપ સંકંચામાં નહિ લ્યો ત્યાં સુધી તમો કાર્યમાં ફતેહ નહિ પામો." મખજીએ બીજો કિસ્સો કહાડયો.

" હશે એકવાર પલાળ્યું તેને તો મુંડાવવું. એ પણ થઈ રહેશે." સ્વરૂપા–બોલી.

" હાજી, મેં તો મારી ફરજ બજાવી. કહેવાનું હતું તે કહ્યું. લક્ષમાં લેવું ન લેવું તે આપના હસ્તક વાત છે." મખજીએ કહ્યું.

" મખજી ! ત્હારા જેવા નિમકહલાલ મનુષ્યનું તો એજ કર્ત્તવ્ય છે." સ્વરૂપાએ કહ્યું.

" લ્યો બા સાહેબ ત્યારે રજા છે ?"

" ભલે પણ કદાચ અમે તારી સાથે કોઇ માણસને મોકલીએ તો તેને આવવા દેજે હો ?" સ્વરૂપાએ કહ્યું.

" ભલે આવે. મારે તો આપનો આધાર છે પછી શી હરકત છે."

" ઠીક જા નવેલિકા ? મખજીને દેવડીની બહાર થોડે સુધી મૂકી આ-વ. " સ્વરૂપાએ આજ્ઞા કરી.

( મખજી ગયો. )

" નવેલિકા ! તને યાદ છે ? આપણે રાજાજીને કહ્યું છે કે મખજી જોડે દેવકુમાર સ્મશાનમાં જવાનો છે. " સ્વરૂપાએ પૂછ્યું.

" હાજી, કેમ યાદ ન હોય. "

" ત્યારે હવે દેવકુમાર નહિ જાય તો આપણે કોને મોકલવો. એવો આપણો વિશ્વાસુ કોણ છે ? " સ્વરૂપાએ પૂછ્યું.

" મારા વિચાર પ્રમાણે આપણા વેવલા લંધાને મોકલો તો ઠીક તે જરા અક્કલનો કમ છે એટલે બિચારો કહીશું તેમ કરશે. જરા એ પૈસા આપશું એટલે રાજી થશે. " દાસીએ માર્ગ બતાવ્યો.

" ભલે ત્યારે એમ કરજે. પૈસા સમ્બન્ધી વાંધો નહિ. "

" પણ જો મહારાજા સાહેબ સ્મશાનમાં જશે તો આપાણું બધું પો-ગળ ખુલ્લું પડી જશે માટે એ બાબતનો બંદોબસ્ત કરવો જોઇએ. " નવે-લિકાએ કહ્યું.

" એ બધુંય થઈ રહેશે. "

" તો તો ઘણું સારૂં. "

" પણ દાસી, મને પાછો એક વિચાર સુઝયો છે. "

" શું ? "

" તે એ કે રાજાજી દેવકુમારને કોઇ પણ પ્રકારનું શાસન દે તે પહેલાં જયમાલાને પ્રિયકુમાર જોડે એને અંટસ પડે તો વધારે સારૂં ને તેથી આ-પણે આપણા કર્ત્તવ્યમાં વધારે ફાવીશું. " સ્વરૂપાએ પોતાની નીચતા આ-ગળ વધારી.

" બરાબર તે પણ બની શકે એમ છે. "

" શી રીતે. " રાણીએ પૂછ્યું.

" મારા સમજવા પ્રમાણે દેવકુમાર દરરોજ સાંજરે બહાર ફરવા જાય છે તે દરમિયાન કોઇ પણ પ્રકારે પ્રિયકુમાર જયમાલાને મળે ને તે દેવકુમાર નજરે જુએ તો એ વાત બને." નવેલિકાએ માર્ગ દર્શાવ્યો.

" પણ આપણે એવો કયો પ્રપંચ કરવો કે પ્રિયકુમાર દેવકુમાર સાથે ફરવા ન જતાં જયમાલા પાસે આવે. " સ્વરૂપાએ પૂછ્યું.

" આપ જાણો છો કે દેવકુમારે મખજીને એક વીંટી ભેટ તરીકે આપી છે." " હા. "

# વધારો

## બોર્ડીંગ પ્રકરણ.

૧-૧૨-૦ શા. બાપુલાલ લાલચંદ. સુરત

૪૦---૦-૦ શા. મણીલાલ વાડીલાલ બા. બાઇ સમરતના
કહેલા તે. મુંબાઇ

૧૦---૦-૦ ઝવેરી. મોહોલાલભાઇ ગોકલદાસ. બા. બીજા તથા
ત્રીજા માસના "

૧૦૧---૦-૦ શ્રી મુંબાઇમાં વસતા સદ્‌ગૃહસ્થોએ નીચે મુજબ
મદદ દર માસે આપવા કહેલી તે પૈકી નીચેના
સદ્‌ગૃહસ્થોના ત્રીજા માસના.

૧૦-૦-૦ ઝવેરી અમૃતલાલ મોહોલાલભાઈ.
૭-૦-૦ ઝવેરી મોહનલાલ લલ્લુભાઈ તથા
બીજા દલાલો મળીને.
૧૧-૦-૦ ઝવેરી સારાભાઇ ભોગીલાલ.
૧૧-૦-૦ ઝવેરી ચંદુલાલ છોટાલાલ.
૧૦-૦-૦ ઝવેરી મણીલાલ સવચંદ.
૫-૦-૦ ઝવેરી જગાભાઈ ભોળાભાઇની કું૦
૧૦-૦-૦ ઝવેરી માણેકચંદ કપુરચંદ.
૧૦-૦-૦ ઝવેરી ભોળાભાઇ બાપાલાલ.
૧૦-૦-૦ શેઠ. મગનલાલ કંકુચંદ.
૭-૦-૦ ઝવેરી અમૃતલાલ કાલીદાસ.
૧૦-૦-૦ ઝવેરી ભોગીલાલ મોહોલાલભાઇ.

---

૧૦૧-૦-૦

---

૧૪૨-૧૨-૦

# લવાજમની પહોંચ.

| | | |
|---|---|---|
| બાપુલાલ લાલચંદ. | સંકલચંદ માધવજી. | અમૃતલાલ ચુનીલાલ. |
| નીલાલ કેશવલાલ. | રતનજી ત્રીકમજી. | મુળચંદ વિરજીભાઈ. |
| તીચંદ દેવચંદ. | કલ્યાણચંદ સોભાગ્યચંદ. | મણીલાલ સવચંદ. |
| મોહનલાલ મંછાભાઇ. | ભીખાભાઇ અમુલખ. | ચુનીલાલ મયાચંદ. |
| હેમચંદ ખીમચંદ. | મોહનલાલ હીમચંદ. | અમૃતલાલ વનમાળીદાસ. |
| ભાઇ મગનભાઈ. | સવચંદ કચરાભાઇ. | રા. રા. દેવકરણ એન્ડ કુ. |
| ીલાલ ચપ્રેમંદ. | ભાયચંદ નાથાભાઇ. | ફુલચંદ હેમચંદ. |
| લાલ મુળચંદ. | લાલચંદ રતનચંદ. | હેમચંદ પુરૂસોત્તમ. |
| રીંગ ડાહ્યાભાઇ. | હેમચંદ અમરચંદ. | મુળચંદ તલકચંદ. |
| વાડીલાલ સાંકળચંદ. | ધનજીભાઈ કલ્યાણજી. | કકલચંદ ગુમાનચંદ. |
| કેશવલાલ ઉમાભાઇ. | અમરતલાલ લલ્લુભાઇ. | નગીનદાસ જેઠાભાઇ. |
| માણેકલાલ ચુનીલાલ. | શકરચંદ હઠીશીંગ. | ચંદુલાલ ચીમનલાલ. |
| લાલભાઇ ઘેલશાજી. | લલ્લુભાઇ જેઠાભાઈ. | કેશવલાલ દામજી. |
| ત્રીભોવનદાસ લહેરચંદ. | ડાહ્યાભાઇ સ્વરૂપચંદ. | લલ્લુભાઇ જીવરાજ. |
| બાદરભાઈ ઝવેરચંદ. | શ્રીવલસાડ જૈનલાયબ્રેરી. | મગનલાલ કચરાભાઇ. |
| પદમશી રાયચંદ. | ચુનીલાલ દલસુખભાઇ. | દુલભજી કલ્યાણજી. |
| મેસર્સ. વકીલ બ્રધર્સ. | લાલભાઇ હીરાચંદ. | અમરતલાલ રતનચંદ. |
| છોટાલાલ કાળીદાસ. | મગનલાલ કરમચંદ. | વીરચંદ દેવચંદ. |
| મોહનલાલ કાળીદાસ. | જૈનલાયબ્રેરી વિરમગામ. | મોહનલાલ ઉમેદચંદ. |
| મોહનલાલ લલ્લુભાઇ. | કેશવલાલ અમથાશા. | ડાહ્યાભાઇ મગનલાલ. |
| ડાહ્યાભાઈ છોટાલાલ. | કેવળદાશ દોલતરામ. | બળવંતરાય પ્રમોદરાય. |
| જીવણલાલ હરિપ્રસાદ. | નાથાલાલ જમનાદાસ. | વેલચંદભાઇ ઉમેદચંદ. |
| મોહનલાલ વખતચંદ. | લાલભાઇ ભોગીલાલ. | ચંદુલાલ મગનલાલ. |
| નાથાલાલ પુરસોત્તમ. | મગનલાલ છગનલાલ. | ઘેલાભાઈ પાનાચંદ. |
| લાલભાઇ ફકીરભાઇ. | શોભાભાઇ રાયચંદ. | વસનજી માવજી. |
| ડાહ્યાભાઈ ઉમેદચંદ. | બુધાભાઇ ડાહ્યાભાઇ. | મગનલાલ હકમચંદ. |
| ભોગીલાલ કાળીદાસ. | ચીમનલાલ છોટાલાલ. | છગનલાલ ઇચ્છાચંદ. |
| નાથાલાલ હઠીશીંગ. | નથુભાઇ દોલતચંદ. | સારાભાઇ હરિભાઇ. |
| કરમચંદ રાયચંદ. | સારાભાઇ ડાહ્યાભાઇ. | ભીમજીભાઇ કાળીદાસ. |
| ભીખાશા માધુશા. | મગનલાલ અને પ્રભુદાસ. | મણીલાલ હીરાચંદ. |

નાથાલાલ કેવળદાસ.
કરમચંદ મહોકમદાસ.
હીરાભાઇ મુળચંદ.
ડાહ્યાભાઇ ઉમેદચંદ.
કેશવલાલ બાપુજી.
મગનલાલ પીતાંબર.
છગનલાલ નહાનચંદ.
ગોકલભાઇ ઉમેદરામ.
ભોગીલાલ છોટાલાલ.
જુઠાભાઇ રામચંદ.
કાળીદાસ ઉમાભાઇ.
ફકીરચંદ કેવળભાઇ.
ચંદુલાલ વિરચંદ.
મોહનલાલ બલાખીદાસ.
છગનલાલ ગણુપતરામ.
ગોવાજી ભુતાજી.
લાલભાઇ કલ્યાણભાઇ.
વાડીલાલ લીંબાભાઇ.
ફકીરભાઇ ગહેલાભાઇ.
મગનલાલ હરજીવન.
મગનલાલ પ્રેમચંદ.
ચત્રભુજ જેચંદભાઇ.
પોપટલાલ ગુલાબચંદ.
અનોપચંદ હઠીશીંગ.
મનસુખભાઇ અમૃતલાલ.
મુળજીભાઇ નથુભાઇ.
જેભાઇ નરોત્તમદાસ.
નાથાલાલ લખમીચંદ
લાલચંદ મગનલાલ
પોપટલાલ હેમચંદ.
ચુનીલાલ વખતચંદ.
મોહનલાલ અમીચંદ.

ડાહ્યાભાઇ છોટાલાલ.
જેશીંગભાઇ ચુનીલાલ.
ઉમાભાઇ હઠીશીંગ.
છોટાલાલ પુંજાશા
બાપાલાલ ન્હાલશા.
જીવાભાઇ અમથાશા.
ગટાભાઈ ઉમેદચંદ.
મુળચંદભાઇ અભેચંદ.
બાલાભાઇ છગનલાલ.
વાડીલાલ કાળીદાસ.
લાલભાઇ મુળચંદ.
વિઠ્ઠલદાસ માનચંદ.
મગલભાઇ હાથીભાઇ.
કંકુચંદ રાયચંદ.
અંબાલાલ દોલતરામ.
મોતીચંદ પ્રેમચંદ.
નંદલાલ લલ્લુભાઇ
ફતેભાઇ અમીચંદ.
જેચંદભાઇ હરજીવન.
જમનાદાસ કરમચંદ.
કાળીદાસ સાંકળચંદ.
પેથાજી ગમનાજી.
ચંદુલાલ લલ્લુભાઇ.
પંન્યાસશ્રી સિદ્ધિવિજયજી.
જીવરાજ નારણુ.
બાલાભાઇ દલસુખ.
જેચંદભાઇ ખીમચંદ.
ઝવેરચંદ દલીચંદ.
ચુનીલાલ ફતેચંદ.
ગોકલભાઇ બાપુભાઇ.
રતીલાલ પ્રેમચંદ.
વેલજી સામજી.

છગનલાલ કરમચંદ.
વાડીલાલ તારાચંદ.
નેમચંદ લલ્લુભાઇ.
હિરાચંદ સજાણજી.
મોહનલાલ છોટાલાલ.
મનસુખરામ હકમચંદ.
કેશવલાલ કાળીદાસ.
ભીખાભાઇ દેવચંદ.
ત્રીકમલાલ ફુલચંદ.
બાલાભાઇ નથુભાઇ.
ફતેચંદ રામચંદ.
કીશનાજી વેલાજી.
પુનમચંદ કરમચંદ.
કીશનદાસ ઘડરભાઇ.
માણેકચંદ મલુકચંદ.
જેશીંગભાઇ ફુલચંદ.
મહારાજશ્રીચતુરવિજયજી
કેશવલાલ લાલચંદ.
લખાભાઇ ભુલાભાઈ.
અમૃતલાલ કેશવલાલ.
ચુનીલાલ છગનલાલ.
ઝવેરભાઇ ગરબડભાઇ.
મગનલાલ કરમચંદ.
બહેચરભાઇ દુલભદાસ.
પુંજાભાઇ માનચંદ.
રણછોડદાસ છગનલાલ.
મોહનલાલ નગીનદાસ
નેમચંદ અમીચંદ.
વાડીલાલ મગનલાલ.
હરિલાલ કચરાભાઈ.
ભીખાભાઇ પુરૂસોત્તમ.
ભુરાભાઇ અભેચંદ.

( બાકીના આવતા અંકમાં. )